# ALL NATIONS GOSPEL PUBLISHERS



Copyright ANGP

[www.angp-hb.co.za](http://www.angp-hb.co.za)

[info@angp.co.za](mailto:info@angp.co.za)

*GUJARATHI Heart Book*

# માનવ

# હૃદય

Copyright ANGP

**COPYRIGHT**

ISBN 0 - 908412 - 15 - 0

**E-MAIL: info@angp.co.za**

**ALL NATIONS GOSPEL PUBLISHERS**
**P.O. Box 2191, PRETORIA, 0001, R.S.A.**
(A Gospel Literature Mission financed by donations)
(Reg. No. 1961/001798/08)

# માનવ-હૃદય

## અથવા

# આધ્યાત્મિક હૃદયદર્પણ

(દશ ચિત્રો દ્વારા રજૂ કરેલું એક રૂપક)

આ પુસ્તિકા અને એનાં ચિત્રોની શરૂઆત ઈ. સ. ૧૭૩૨માં ફ્રાન્સમાં થઈ. એ પુસ્તિકા "આધ્યાત્મિક હૃદયદર્પણ" તરીકે અથવા "હૃદયગ્રંથ" તરીકે જાણીતી છે. એમાં પવિત્ર શાસ્ત્રનાં ઊંડાં સત્યો અને મૂલ્યો ભંડારેલાં હોવાથી જ યુરોપની લગભગ બધી ભાષાઓમાં તેમ જ આફ્રિકાની પણ અનેક ભાષાઓમાં ફેલાવો પામી છે, અને હજુ પણ પામતી જાય છે; અને બધા જ વર્ગના તથા ધર્મના લોકો એનું વાચન કરતા જોવા મળે છે.

જૂના કરારમાં ઈશ્વરે વચન આપ્યું હતું કે, "હું તમને નવું હૃદય આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ" (હઝકી. ૩૬ : ૨૬; હેબ્રી. ૮ : ૧૦) એ વચન નવા કરારમાં સંપૂર્ણ થયું, અને ઈશ્વરના એ વચનનો સાક્ષાત્કાર ઘણાંને થયેલો છે.

- અનુવાદક -

રેવ. બી. બી. ક્રિશ્ચિયન

Copyright ANGP

**જે** પાપ કરે છે, તે દરેક નિયમભંગ પણ કરે છે; અને પાપ એ જ નિયમભંગ છે.

**તે** પાપનું હરણ કરવાને પ્રગટ થયો, એ તમે જાણો છો; અને તેનામાં પાપ નથી.

**જે** કોઈ તેનામાં રહે છે, તે પાપ કરતો નથી; જે કોઈ પાપ કરે છે તેણે તેને જોયો નથી, અને તેને ઓળખતો પણ નથી.

**બા**ળકો, કોઈ તમને ન ભમાવે; જેમ તે ન્યાયી છે, તેમ જે ન્યાયીપણું કરે છે તે પણ ન્યાયી છે;

**જે** પાપ કરે છે તે શેતાનનો છે, કેમ કે શેતાન આરંભથી પાપ કરે છે. શેતાનનાં કામનો નાશ કરવાને માટે ઈશ્વર–પુત્ર પ્રગટ થયો.

**જે** કોઈ ઈશ્વરથી જન્મેલો છે તે પાપ કરતો નથી, કેમ કે તેનું બીજ તેનામાં રહે છે; અને તે પાપ કરી શકતો નથી, કેમ કે તે ઈશ્વરથી જન્મેલો છે.

**એ**થી ઈશ્વરનાં છોકરાં તથા શેતાનનાં છોકરાં ઓળખાઈ આવે છે. જે કોઈ ન્યાયીપણું કરતો નથી, અને જે કોઈ પોતાના ભાઈ પર પ્રેમ રાખતો નથી, તે ઈશ્વરનો નથી.

—૧ યોહાન ૩ : ૪–૧૦

Copyright ANGP

# માનવ-હૃદય

## ઈશ્વરનું મંદિર અથવા શેતાનનું કારખાનું

(૧ યોહાન ૩ : ૪-૧૦)

જ્યારે તમે આ પુસ્તક વાંચો ત્યારે મહેરબાની કરીને યાદ રાખજો કે, તે એક દર્પણના જેવું છે કે જેમાં તમે પોતાને જોઈ શકશો. તમે જોકે વિધર્મી હો કે ખ્રિસ્તી હો, અવિશ્વાસી હો કે પાછા પડેલા હો, પણ જેમ ઈશ્વર તમને જુએ છે તેમ તમે પોતાને જોશો. "માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવા હૃદય તરફ જુએ છે" (૧ શમૂ. ૧૬ : ૭). ઈશ્વર માણસોની શરમ રાખનાર નથી.

શેતાન સર્વ જૂઠાઓનો પિતા છે. તે અંધકારનો અધિકારી તથા આ જગતનો પ્રભુ છે જે પુરુષો તથા સ્ત્રીઓને છેતરવા માટે પ્રકાશના દૂતનો વેશ ધારણ કરે છે. આ દિવસોમાં જેમ પુરાતન દિવસોમાં હતું તે પ્રમાણે ઘણા જૂઠા પ્રેરિતો તથા ઠગ કામદારો છે જેઓ ખ્રિસ્તના પ્રેરિતો હોવાનો ઢોંગ કરે છે. માટે શેતાન પોતે પ્રકાશના દૂતનો વેશ ધારણ કરે તેમાં કાંઈ નવાઈ નથી (૨ કોરીંથી. ૧૧ : ૧૩, ૧૪). શેતાન જે આ જગતનો દેવ છે તે લોકોનાં મન તથા આંખો આંધળી કરે છે કે, ઈશ્વર તેમને ચાહે છે કે ઈસુ તેમને તારવાને મરણ પામ્યો તે જોઈ શકે નહિ. પ્રત્યેક પાપી તથા અવિશ્વાસીઓ ઈશ્વરની સમક્ષ મરેલા તથા આંધળા છે. તેઓ આ જગતના અધિકારીના આત્મા પ્રમાણે સત્તા ચલાવે છે (એફેસી ૨ : ૨). જ્યાં સુધી કોઈપણ રીતે તેમની આંખો તેમની પતિત પરિસ્થિતિ માટે ન ઉઘાડવામાં આવે ત્યાં સુધી તેઓ અનંત નાશમાં જઈ રહ્યા છે. જે એમ કહે છે, "મેં પાપ કર્યું નથી તે પોતાને ઠગે છે." "શેતાનનાં કામનો નાશ કરવા માટે ઈશ્વર-પુત્ર પ્રગટ થયો" (૧ યોહાન ૩ : ૮). "માટે તમે ઈશ્વરને આધીન થાઓ; પણ શેતાનની

Copyright ANGP

સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે. તમે ઈશ્વરની પાસે જાઓ, એટલે તે તમારી પાસે આવશે" (યાકૂબ ૪:૭, ૮).

જ્યારે તમે આ પુસ્તક વાંચો તથા તેમાંનાં ચિત્રોનો અભ્યાસ કરો, ત્યારે તમે તમારું પોતાનું હૃદય જોવાને શક્તિમાન થશો. તમારા હૃદયની સ્થિતિ બતાવવાને ઈશ્વરની શોધક બત્તીને કાર્ય કરવા દો. તમારાં પાપોને માન્ય કરો તથા તેના અસ્તિત્વનો નકાર ન કરો; કારણ કે ઈશ્વરનું વચન આપણને કહે છે: "આપણામાં પાપ નથી, એમ જો આપણે કહીએ, તો આપણે પોતાને ઠગીએ છીએ, અને આપણામાં સત્ય નથી. જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે. તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે" (૧ યોહાન ૧:૮, ૯, ૭).

તમારા ઉપર કાં તો શેતાન અથવા ઈશ્વર રાજ કરે છે. તમે પાપના ગુલામ છો અગર ઈશ્વરના સેવક છો. જો પાપ તમારા પર રાજ કરે છે તો તેનો નકાર કરશો નહિ, પણ ઈશ્વરને તેને માટે કહો. તે ઈસુ ખ્રિસ્ત મારફતે તમારો છુટકારો કરશે, જે આ જગતમાં પાપીઓને તારવાને માટે આવ્યો. શેતાનની સત્તાનો નાશ કરવાને તથા આપણા પરના પાપના બળનો નાશ કરવાને આવ્યો. તે આપણો ઉદ્ધાર છે. તમે પવિત્ર પરમેશ્વરની હાજરીમાં છો જે તમારા જીવનની બધી જ ખાનગી બાબતો, છુપાયેલા વિચારો તથા કાર્યો જુએ છે. ઈશ્વરથી તમે પોતે તથા તમારાં કાર્યો સંતાડવાં એ અશક્ય છે; કારણ કે "શું કાનનો ઘડનાર સાંભળી શકશે નહિ? શું આંખનો રચનાર જોઈ શકશે નહિ?"

"કેમ કે યહોવાની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે, તેઓને સહાય કરીને પોતે બળવાન છે એમ દેખાડી આપે" (૨ કાળ. ૧૬:૯).

Copyright ANGP

"કેમ કે તેની આંખો મનુષ્યના આચારવિચાર ઉપર છે. તે તેની સઘળી વર્તણૂક જુએ છે. દુષ્કર્મીઓ સંતાઈ શકે એવો કોઈ અંધકાર કે મૃત્યુછાયા નથી" (અયૂબ ૩૪ : ૨૧, ૨૨ ).

"પણ ઈસુએ તેમનો વિશ્વાસ ન કર્યો, કેમ કે તે સર્વને જાણતો હતો" ( યોહાન ૨ : ૨૪ ).


તેથી "જેનું ઉલ્લંઘન માફ થયું છે, તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે. જેને યહોવા અન્યાયી ગણતો નથી, અને જેના આત્મામાં કંઈ કપટ નથી, તે માણસને ધન્ય છે" ( ગી. શા. ૩૨ : ૧, ૨ ). ( ૫૧ મું ગીત પણ વાંચો ). ઈસુ આજે પણ બોલાવી રહ્યો છે: "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ" ( માત્થી ૧૧ : ૨૮–૩૦ ).

# ચિત્રોની સમજૂતી

## ચિત્ર પહેલું : પાપી માનવ-હૃદય

આ ચિત્ર જગિક, નવો જન્મ પામેલું નહિ એવા હૃદયવાળાં સ્ત્રી કે પુરુષને પ્રગટ કરે છે જેને બાઇબલમાં 'પાપી' તરીકે વર્ણવેલું છે; એટલે કે જેમાં આ જગતના આત્માની સત્તા રાજ કરે છે તથા જેમાં દેહની વાસના તથા ઇચ્છાઓ રાજ કરે છે. પરમેશ્વર જે પ્રમાણે જુએ છે તે જ પ્રમાણે હૃદયનું આ સાચું ચિત્ર છે; જે પ્રમાણે નીતિ. ૨૩ : ૨૯–૩૩ માં ઉલ્લેખ્યું છે કે, રતાશવાળી આંખો દારૂડિયાની હોય છે. "કોને અફસોસ છે? કોને હાય હાય છે? કોને કજિયા છે? કોને વિલાપ છે? કોને વિનાકારણ ઘા પડે છે? કોની આંખોમાં રતાશ છે? જે ઘણી વાર સુધી દ્રાક્ષારસ પીયા કરે છે તેઓને; જેઓ મિશ્ર મદ્ય શોધવા જાય છે તેઓને. જ્યારે દ્રાક્ષારસ રાતો હોય, જ્યારે તે પ્યાલામાં પોતાનો રંગ પ્રકાશતો હોય, જ્યારે તે સરળતાથી

પેટમાં ઊતરતો હોય, ત્યારે તે પર તું દૃષ્ટિ ન કર; આખરે તે સર્પની પેઠે કરડે છે, અને નાગની પેઠે ડસે છે. તારી આંખો તરેહવાર દેખાવ દેખશે, અને તારું હૃદય વિપરીત વાતો ભાખશે.''




ચિત્ર પહેલું : પાપી માનવ-હૃદય

આ ચિત્રમાં મસ્તક નીચે માનવ-હૃદય દેખી શકાય છે જેમાં જુદાં જુદાં જાનવરો વસેલાં છે. માનવ-હૃદયમાં રહેલાં જુદાં જુદાં પાપો વિષે ઉલ્લેખ છે, કારણ કે હૃદય પાપોનું રહેઠાણ તથા રાજ્યાસન છે. પરમેશ્વર તેના પ્રબોધક યિર્મેયાના મુખ દ્વારા આપણને કહે છે: "હૃદય સૌથી કપટી છે, તે અતિશય ભૂંડું છે; તેને કોણ જાણી શકે?" (યિર્મેયા ૧૭ : ૯). ઈસુ ખ્રિસ્ત પોતે આને નક્કી કરતાં કહે છે: "કેમ કે માંહેથી, એટલે માણસોના હૃદયમાંથી, ભૂંડા વિચારો નીકળે છે, એટલે છિનાળાં, ચોરીઓ, હત્યાઓ, વ્યભિચારો, લોભ, દુષ્ટતા, કપટ, કામાતુરપણું, અદેખાઈ, નિંદા, અભિમાન, મૂર્ખપણું; એ બધાં ભૂંડાં વાનાં માંહેથી નીકળે છે, ને માણસને વટાળે છે" (માર્ક ૭ : ૨૧–૨૩).

૧. **મોર** : જ્યારે હરેક માણસ મોરની સુંદરતાનાં વખાણ કરે છે ત્યારે અહીં માનવ-હૃદયમાં તે અભિમાનના પાપ વિષે બોલે છે. લ્યુસીફર, અભિષિક્ત થયેલો દૂત, ઈશ્વરનો મશાલધારી, ઈશ્વરનો દૂત અભિમાનના પાપ દ્વારા પતિત થયો અને એમ ઈશ્વરનો દુશ્મન— શેતાન બન્યો (યશાયા ૧૪ : ૯–૧૭; હઝકી. ૨૮ : ૧૨–૧૭).

નર્કની ખાઈમાંથી જ અભિમાન આવે છે તથા તે પોતાને ઘણી રીતે પ્રગટ કરે છે. ઘણાં માણસો પોતાના દ્રવ્યનો અભિમાન ધરાવે છે, ઘણાં તેમના કેળવણીના ધોરણમાં, ઘણાં આધુનિક ઢબમાં વસ્ત્રો પહેરી પોતાના શરીરોનો શરમજનક દેખાવ રજૂ કરે છે, વગેરે; જે બરાબર બંધબેસતી રીતે યશાયા ૩ : ૧૭–૨૪માં બતાવ્યું છે તેમ: ઘણાં તેમના પિતૃઓ પર, ઘણાં પોતાના નાગરિકપણા પર, ઘણાં તેમની સંસ્કૃતિ પર, ઘણાં તેમની રમતો વગેરે પર અભિમાન કરે છે; જ્યારે તેઓ ભૂલી જાય છે કે, "ઈશ્વર ગર્વિષ્ઠોની વિરુદ્ધ છે, પણ તે નમ્ર માણસો પર કૃપા રાખે છે" (૧ પીતર ૫ : ૫). ઈશ્વર અભિમાનને તથા ઉદ્ધતાઈને ધિક્કારે છે (નીતિ. ૮ : ૧૩).

Copyright ANGP

"અભિમાનનું પરિણામ નાશ છે, અને ગર્વિષ્ટ સ્વભાવનું છેવટ પાયમાલી છે" ( નીતિ. ૧૬ : ૧૮ ).

૨. **બકરો :** બકરો દૈહિક વાસનાઓ, નીતિભ્રષ્ટતા, લંપટપણું, વ્યભિચાર સૂચવે છે. જે પાપોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેઓનો આ છેલ્લા દિવસોમાં એટલો બધો વધારો થયો છે કે, ૨૦૦૦ વર્ષો પૂર્વે જ્યારે ઈસુ ખ્રિસ્તે ભવિષ્ય ભાખ્યું હતું કે, "છેલ્લા દિવસો સદોમ તથા ગમોરાહના દિવસો જેવા થશે" તે આપણે મંજૂર કરવું પડે છે. આ આધુનિક આત્માએ આપણાં પુરુષો તથા સ્ત્રીઓને જકડી લીધાં છે. વળી, ધાર્મિક લોકોનાં ઘરોમાં, સંસ્થાઓમાં, આપણી શાળાઓમાં તથા હોસ્ટેલોમાં પ્રવેશ્યો છે; એટલું જ નહિ, પણ ઘેરી લેતું બી શરમ વગર વાવવામાં આવ્યું છે, તથા શૈતાનિક રીતે માનવજાતનાં હૃદયો સીનેમાઓથી, થિયેટરોથી, અશ્લિલ સાહિત્યોથી, અને બીજા ઘણા રસ્તાઓથી ભ્રષ્ટ કર્યાં છે જેને ઈશ્વર પાપ કહે છે, જે પર આધુનિક સદાચાર તરીકે દૃષ્ટિપાત કરવામાં આવે છે. કરોડો યુવાનો સીનેમા તથા નવલકથાઓ પરથી પોતાના જીવનનું ધોરણ બાંધતા હોઈને પોતાને મુશ્કેલીમાં, શરમમાં તથા અફસોસમાં આવી પડેલા જુએ છે. ભ્રષ્ટ તથા નીચ જીવન ગાળનારા નટો તથા નટીઓ યુવાન પેઢીના વીરો તથા વીરાંગનાઓ બને છે. ઘણી વખતે રંગભૂમિ પણ નીતિભ્રષ્ટતાનું જન્મસ્થળ બને છે. ઈશ્વરના પવિત્ર વીરો જેવા કે યૂસફ (ઉત્પત્તિ ૩૯) અને બીજાઓ હવે નમૂના તરીકે રાખવામાં આવતા નથી. બિનઅનુભવી પુરાણા ઝૂલુ વિધર્મી જેઓ પોતાનામાંનાં વ્યભિચારીઓ તથા વ્યભિચારિણીઓને મારી નાખે છે તેઓ આપણે જેઓ સુધરેલી પેઢી કહેવાઈએ છીએ તેમને શીખવી શકે, અને ન્યાયના દિવસે આપણી સામે શિક્ષા કરવામાં ઊભા રહી શકે. ઈશ્વર કહે છે : વ્યભિચારની સાથે રમત ન રમો, પણ તેની પાસેથી નાસી જાઓ. "માણસ જે કંઈ (બીજાં) પાપ કરે, તે તેના શરીરની બહાર છે; પણ વ્યભિચારી પોતાના શરીરની વિરુદ્ધ પાપ કરે છે. તમારામાં જે

Copyright ANGP

પવિત્ર આત્મા છે, જે તમને ઈશ્વર પાસેથી મળેલો છે તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા ? વળી તમે પોતાના નથી" (૧ કોરીંથી. ૬ : ૧૮–૧૯). "જો કોઈ (સ્ત્રી કે પુરુષ) ઈશ્વરના મંદિરનો નાશ કરે, તો ઈશ્વર, તેનો નાશ કરશે; કેમ કે ઈશ્વરનું મંદિર પવિત્ર છે અને તે (મંદિર) તમે છો" (૧ કોરીંથી. ૩ : ૧૭).

૩. **ભૂંડ** : ભૂંડ છાકટાપણાના તથા અકરાંતિયાપણાનાં પાપો વિષે બોલે છે. તે ગંદું પ્રાણી છે. વળી તેના રસ્તામાં જે કાંઈ ચોખ્ખું કે મેલું આવે તેને ગળી જાય છે; તેમજ પાપી હૃદય પણ પ્રત્યેક અશુદ્ધ સૂચન, અશુદ્ધ વાતો, અશુદ્ધ ચિત્રો, અશુદ્ધ સાહિત્યો વગેરેને ગળી જાય છે. આ શરીર જેને જીવતા ઈશ્વરનું મંદિર થવાને નિર્મિત કરેલું છે તે અશુદ્ધ ખોરાકથી તથા ગંદી ટેવો જેવી કે, બીડી પીવી, તમાકુ ખાવી, અફીણનો ઉપયોગ કરવો, નુકસાનકારક પીણાં પીવાથી કે ટીકડીઓ વગેરે ખાવાથી અશુદ્ધ થાય છે. પહેલાં કદી થયું નથી તેટલું હાલમાં પુરુષોને તથા સ્ત્રીઓને બીડી તથા અફીણનો ઉપયોગ કરાવી તે ટેવથી જકડી લીધાં છે. જે બિચારા તમાકુનો ભોગ બન્યા છે તથા શેતાનના ગુલામ છે તેઓને ફક્ત ઈશ્વરનું સામર્થ્ય જ મુક્ત કરી શકે છે. ઘણાં ધાર્મિક ગણાતાં માણસો પણ દેવળમાં બીડી પીવી તે ભ્રષ્ટતા છે એવું સમજીને તેમ કરવાને હિંમત કરશે નહિ; છતાં ખરેખરું ઈશ્વરનું મંદિર જે તેમનાં શરીરો છે તેને નકામા છોડની દુર્ગંધથી અશુદ્ધ કરતાં સહેજે આંચકો ખાશે નહિ. પ્રેરિત પાઊલ કહે છે : "તમે નથી જાણતા, જો કોઈ (સ્ત્રી કે પુરુષ) ઈશ્વરના મંદિરનો નાશ કરે, તો ઈશ્વર તેનો નાશ કરશે; કેમ કે ઈશ્વરનું મંદિર પવિત્ર છે અને તે (મંદિર) તમે છો ?" (૧ કોરીંથી. ૩ : ૧૬, ૧૭; ૬ : ૧૮, ૧૯).

અકરાંતિયો માણસ ઈશ્વરની દૃષ્ટિમાં અમંગળ છે. આપણે જીવવા ખાતર ખાઈએ છીએ; આપણે ખાવા માટે જીવતા નથી. ભૂખ યોગ્ય



Copyright ANGP

ભોજન ખાવાથી સંતોષાય છે જ્યારે વાસના હંમેશાં બૂમ પાડશે: “આપ, આપ!”

વાસના કદી સંતોષાશે નહિ તેમજ તૃપ્ત થશે નહિ. જૂના કરારના નિયમ પ્રમાણે અકરાંતિયાને તથા છાકટાને પથ્થરે મારી નાખવામાં આવતો (પુન. ૨૧ : ૧૮–૨૧). “કેમ કે દારૂડિયો તથા ખાઉધરો કંગાલાવસ્થામાં આવશે; અને અકરાંતિયાવેડા (તેમને) ચીંથરેહાલ કરશે. પણ ખાઉધર માણસોનો સોબતી પોતાના બાપની ફજેતી કરે છે” (નીતિ. ૨૩ : ૨૧; ૨૮ : ૭). યાદ રાખો કે, કોઈ એક ધનવાન માણસ અકરાંતિયો ને પોતાની વાસનાઓનો ગુલામ મરણ પામ્યો, અને જ્યારે નર્કમાંથી પોતાની આંખો ઊંચી કરી ત્યારે તેણે અવર્ણનીય વેદના જોઈ. દારૂ પીવાની ભૂંડાઈ ને ભાગ્યે જ કહેવાની જરૂર છે. તે એટલું બધું જાણીતું છે કે તેને ગમે તેમ જોવામાં આવે છે. ઈશ્વર તેના વચનમાં સ્પષ્ટ કહે છે કે, કોઈ દારૂડિયો–છાકટો ઈશ્વરના રાજ્યમાં વારસો પામશે નહિ. દારૂ ખોરાક નથી, તે મરણ-કારક પીણું છે જે મનને મુંઝાવે છે તથા અસર કરે છે. જેઓ તે પીએ છે તેઓ મૂર્ખાઈથી વર્તે છે. તેઓ નીતિભ્રષ્ટ થાય છે. વળી મારી નાખે છે, તથા આપસઆપસમાં ખૂન કરે છે. જો તેમણે પીધું ન હોત તો આ કર્યું ન હોત. “દ્રાક્ષારસનું ફળ ઠઠ્ઠા છે, મદ્યનું ફળ ટંટા છે; જે કોઈ [પીવાની] ભૂલ કરે છે તે જ્ઞાની નથી” (નીતિ. ૨૦ : ૧).

જેઓ સખત માદક પીણાં બનાવે છે તથા વેચે છે તેઓ સરખી રીતે ઈશ્વરની સમક્ષ ગુનેગાર છે; કારણ કે ઈશ્વર કહે છે, “જેઓ દ્રાક્ષારસ પીવામાં શૂરા, અને દારૂ મિશ્રિત કરવામાં કુશળ માણસ તેઓને અફસોસ!” (યશા. ૫ : ૨૨). “તું પોતાના પડોશીને [મદ્ય] પાય છે અને તેની નગ્નતા જોવા સારુ ઝેર ઉમેરીને તેને છાકટો પણ બનાવે છે, તે તને અફસોસ!” (હબા. ૨ : ૧૫). “વળી તેમની ઉજાણીઓમાં સિતાર, વીણા, ડફ, વાંસળી તથા દ્રાક્ષારસ

Copyright ANCP

છે; પણ તેઓ યહોવાના કામ પર લક્ષ આપતા નથી, અને તેના હાથનાં કાર્યો તેઓ ધ્યાનમાં લેતા નથી" ( યશા. ૫ : ૧૨ ). "શું તમે જાણતા નથી કે અધર્મીઓને ઈશ્વરના રાજ્યનો વારસો મળશે નહિ ? ભૂલ ન ખાઓ; વ્યભિચારીઓ, મૂર્તિપૂજકો, લંપટો, વિષયીઓ, પુંમૈથુનીઓ, ચોરો, લોભીઓ, છાકટા, નિંદકો તથા જુલમથી પૈસા પડાવનારા, એઓને ઈશ્વરના રાજ્યનો વારસો મળશે નહિ" ( ૧ કોરીંથી. ૬ : ૯, ૧૦ ).

આપણા જગિક સ્વભાવનાં પાપો અનેક છે, તેમાંનાં થોડાંક અહીં છે : વ્યભિચાર, અપવિત્રતા, લંપટપણું, મૂર્તિપૂજા, જાદુ, વૈરભાવ, કજિયાકંકાશ, ઈર્ષા, ક્રોધ, ખટપટ, કુસંપ, પક્ષાપક્ષી, અદેખાઈ, છાકટાઈ, વિલાસ અને એઓના જેવાં. જેઓ એવાં કામ કરે છે તેઓ ઈશ્વરના રાજ્યનો વારસો પામશે નહિ ( ગલાતી ૫ : ૧૯–૨૧ ). "મદ્યપાન કરીને મસ્ત ન થાઓ, એ દુર્વ્યસન છે, પણ [ પવિત્ર ] આત્માથી ભરપૂર થાઓ" ( એફેસી ૫ : ૧૮ ).

જેઓ તરસ્યા છે તેમને ઈસુ આ આમંત્રણ આપે છે: "જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવીને પીએ" ( યોહાન ૭ : ૩૭, ૩૮ ). "હે તૃષિત જનો, તમે સર્વ પાણીની પાસે આવો, જેની પાસે કંઈ પણ નાણું નથી તે તમે આવો; વેચાતું લો, અને ખાઓ; વળી આવીને નાણાં વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષારસ તથા દૂધ વેચાતાં લો" ( યશાયા ૫૫ : ૧ ). "પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ; પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યાં કરશે" (યોહાન ૪ : ૧૪ ).

૪. **કાચબો :** કાચબો આળસ, ઢીલ તથા જાદુ વિષે બોલે છે. અવિશ્વાસ જાદુ સમાન પાપ છે. "આળસુની ક્ષુધા તેને મારી નાખે છે; કેમ કે તેના હાથ કામ કરવાની ના પાડે છે. એવા માણસો હોય છે કે જેઓ આખો દિવસ લોભમાં ને લોભમાં મંડ્યા રહે છે"

( નીતિ. ૨૧ : ૨૫, ૨૬ ). યહોશુઆને ઇસ્રાએલપુત્રોને કહેવું પડ્યું : "દેશનો કબજો લેવાને ઢીલ ન કરો." ઈશ્વરનાં વાનાં પ્રાપ્ત કરવાને માનવ સ્વભાવ ઘણો જ ઢીલો તથા આળસુ છે. ઈસુએ કહ્યું : "સાંકડા બારણામાં થઈને પેસવાને યત્ન કરો" ( લૂક ૧૩ : ૨૪ ). "જે શોધે છે તેને જડશે." "આકાશના રાજ્ય પર બળાત્કાર કરાય છે, ને બળાત્કાર કરનારાઓ બળાત્કારથી તે લઈ લે છે" ( માત્થી ૧૧ : ૧૨ ).

આપણા આત્માઓના તારણ તથા આત્મિકતાની બાબતમાં આળસપણું સત્યાનાશમાં દોરી જાય છે. તે આપણને પ્રાર્થના કરતાં, ઈશ્વરની ગૂઢ બાબતોની શોધ કરતાં, ઈશ્વરનાં કીમતી વચનોમાં રહેલી બાબતો મેળવતાં રોકે છે, ને નાશમાં દોરી જાય છે. જ્યારે ઈશ્વરે તમારી સાથે વાત કરતાં આજીજી કરીને તમારું હૃદય આજે જ તેને સોંપવાનું કહ્યું, ત્યારે શેતાને તમને આવતી કાલે કરજે કે કોઈ અનુકૂળ દિવસે કરજે એમ કહે છે જે દિવસ કદી જ આવતો નથી, અને તમે તારણ પામ્યા વગર તથા ખ્રિસ્ત રહિત મરણ પામો છો. ઈશ્વર કહે છે : " જો તમે આજ તેની વાણી સાંભળો, તો તમારાં હૃદયોને કઠણ. ન કરો" ( હેબ્રી. ૩ : ૭, ૮ ). કોઈ અનુકૂળ દિવસ જે કદી આવતો નથી તેના પર તારણને મુલતવી રાખતાં કેટલાં બધાં એવાં માણસો નાશ પામ્યાં છે ! આવતી કાલનો દિવસ તમારો નથી.

જાદુનો મહાવરો કરવાને માટે જાદુગરો ઘણી વખતે કાચબાની ઢાલનો ઉપયોગ કરે છે; અને અહીં તે જીવતા ઈશ્વર પર ભરોસો રાખવાને બદલે જાદુ પર ભરોસો રાખવો તથા તે પ્રમાણે કરવું, ને જ્યોતિષ કહેવું એવા પાપને બતાવે છે. ખાસ કરીને કસોટીના તથા માંદગીના, સંકટના તથા શોકના દિવસોમાં નસીબ પર ભરોસો ન કરતાં આપણને કહેવામાં આવે છે કે, ઈશ્વરને કહેવું, જે મદદ કરવાને તૈયાર છે. કારણ કે " જ્યારે માણસનો માર્ગ યહોવાને પસંદ પડે છે, ત્યારે તે તેનાં પગલાં સ્થિર કરે છે" ( ગી. શા. ૩૭; ૨૩ ). "તમારામાં

શું કોઈ માંદો છે ? [ જો હોય ] તો તેણે મંડળીના વડીલોને બોલાવવા; અને તેઓએ પ્રભુના નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી; અને વિશ્વાસ [ સહિત કરેલી ] પ્રાર્થના માંદાને બચાવશે, ને પ્રભુ તેને ઉઠાડશે; અને જો તેણે પાપ કર્યાં હશે તો તે તેને માફ કરવામાં આવશે. તમે નીરોગી થાઓ માટે તમારાં પાપ એકબીજાની આગળ કબૂલ કરો, અને એકબીજાને સારુ પ્રાર્થના કરો" ( યાકૂબ ૫ : ૧૪–૧૬ ). "કેમ કે ઉદયથી કે અસ્તથી કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી. પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે" ( ગી.શા. ૭૫ : ૬, ૭). ઈશ્વરે ઇસ્રાએલપુત્રોને આજ્ઞા આપતાં કહ્યું : "તારી મધ્યે એવો કોઈ જન હોવો ન જોઈએ કે, જે પોતાના દીકરાને કે દીકરીને અગ્નિમાં ચલાવતો હોય, કે જોષ જોતો હોય, કે શકુન જોતો હોય, કે ધંતરમંતર કરનાર, કે જાદુગર, કે મોહિની લગાડનાર કે મૂઠ મારનાર, કે ઇલમી, કે ભૂવો હોય. કેમ કે જે કોઈ એવાં કામ કરે છે તેને યહોવા કંટાળે છે" ( પુન. ૧૮ : ૧૦–૧૨ ). "જાદુગરો, વ્યભિચારીઓ, ખૂનીઓ, મૂર્તિપૂજકો, તથા જે સર્વ અસત્ય ચાહે છે અને આચરે છે, તેઓ બહાર [ દેવના રાજ્યની ] છે" ( પ્રકટી. ૨૨ : ૧૫ ). તમે આત્માઓ પાસે, કે ભવિષ્ય કહેનારાઓ પાસે, કાંઈ જાણવાને ન જાઓ કે જેથી તેમની સાથે પાપ કરો તેમજ તેમની સાથે અશુદ્ધ થાઓ. "હું યહોવા તમારો ઈશ્વર છું" ( લેવી ૧૯ : ૩૧ ). "જ્યારે તેઓ તમને કહે, કે ભૂવાઓ પાસે, ને ઝીણે સાદે બડબડનાર ધંતરમંતર કરનારની પાસે જઈને ખબર કાઢો; [ ત્યારે તારે કહેવું, કે] લોકોએ પોતાના ઈશ્વરની પાસે જઈને ખબર નહિ કાઢવી ? જીવતાંની ખાતર મૂએલાં પાસે ખબર કાઢવા જવું ? શિક્ષણ તથા સાક્ષીની પાસે [ જઈએ ]! જ્યારે તેમને માટે સૂર્યોદય ખચીત થવાનો નથી, ત્યારે તેઓ એ પ્રમાણે બોલશે" ( યશાયા ૮ : ૧૯, ૨૦ ).

જ્યારે તમે આ પુસ્તક વાંચી રહ્યા છો, ત્યારે ઈશ્વર તમારી સાથે વાત કરી રહ્યો છે, તમારાં પાપોનો પસ્તાવો કરવાને બોલાવી રહ્યો

Copyright ANCP

છે તથા તેને તમારું જીવન સમર્પણ કરવાને બોલાવી રહ્યો છે; પણ કાચબાનો આત્મા, જે તમારા હૃદયમાં છે તે ઈશ્વર માટે ઠરાવ કરવાને મુલતવી રાખવાને અનેક જાતનાં સૂચનો આપી રહ્યો છે. વળી તમારા હૃદયને બીકથી ભરવાને પ્રયત્ન કરી રહ્યો છે. જો હું ખરેખરો ખ્રિસ્તી થઈશ તો મારા લોક, મારા મિત્રો, જગત શું કહેશે? જો હું હવેથી નૃત્ય (ડાન્સ)માં, પીકનીકોમાં, જગિક વાનાંમાં ભાગ નહિ લઉં તો શું થશે? ખ્રિસ્તની અગાધ સંપત્તિ, તેની અજાયબ શાંતિ, તેનો અકથ્ય આનંદ, તેનો મહિમા, આનંદથી ભરેલું અનંતજીવન આ બધું જોવાને બદલે જો ખ્રિસ્ત તમારા હૃદયમાં આવે તો આ બધું તમારે ગુમાવવું પડે કે મૂકવું પડે તે જોવાની તમે શરૂઆત કરો છો, તેટલામાં માણસની બીક સાથે મરણની બીક તમને શેતાનના બંધનમાં રાખે છે. પણ જેઓ પોતાના જીવન પર્યંત બીકના ગુલામ છે તેવાઓને મુક્ત કરવાને ખ્રિસ્ત આવ્યો. (હેબ્રી. ૨ : ૧૪, ૧૫). પણ તમારો આત્મા કાચબાની ઢાલના જેટલો કઠણ ન થાય ત્યાં સુધી ઢીલનો આત્મા તમારા હૃદયને કઠણ કરી રહ્યો છે.

૫. **ચિત્તો :** ચિત્તો બહુ જ વિકરાળ તથા ક્રૂર પ્રાણી છે. ધિક્કાર, ગુસ્સો તથા ખોટો સ્વભાવ ઘણી વખતે માણસના હૃદયમાં રાજ કરે છે, પણ ખાસ કરીને ખૂન સુધી દોરી જતો નથી. જ્યાં સુધી ગુસ્સો વિકરાળ રીતે બહાર નીકળી ન આવે ત્યાં સુધી તમે તમારા ખોટા સ્વભાવને કાબૂમાં રાખવાને યત્ન કરી શકો. તમારા હૃદયમાં તે છે તે માનવું સારું છે તથા ઈસુ તમને મુક્ત કરે માટે માગણી કરો. "તમારા મનમાં બળાપો (ગુસ્સો) ન કરો" (ઉત્પત્તિ ૪૫ : ૫). "રોષને છોડ ને કોપનો ત્યાગ કર; તું ખીજવાઈશ મા, તેથી દુષ્કર્મ જ [નીપજે છે]" (ગી. શા. ૩૭ : ૮). "ક્રોધ ક્રૂર છે, અને કોપ રેલરૂપ છે; પણ અદેખાઈની સામે કોણ ટકી શકે?" (નીતિ. ૨૭ : ૪). "ગુસ્સો મૂર્ખોના હૃદયમાં રહે છે. માટે તારા અંતઃકરણમાંથી ખેદ (ગુસ્સો) દૂર કર" (નીતિ. ૭ : ૯; ૧૧ : ૧૦). "પણ રીસ, ક્રોધ... એ સર્વ તજી દો" (કોલોસી ૩ : ૮).

Copyright ANGP

ઘણા નિર્માલ્ય માણસો કાંઈ દુષ્ટ કાર્ય કરવાને કે વેર વાળવાને દારૂ પીને પોતાને ઉત્તેજિત કરે છે, પણ "તેઓનો દ્રાક્ષારસ અજગરોનું ઝેર તથા ઝેરી સર્પોનું પ્રાણઘાતક વિષ છે" (પુન. ૩૨ : ૩૩). પાપી હૃદયને વેર વાળવું મધુરું લાગે છે, પણ ઈશ્વર આપણો બદલો વાળનાર છે. ઈસુએ કહ્યું : "જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર પ્રીતિ કરો." અને "તમારા વૈરી પર પ્રેમ રાખો." જેઓ આપણાં અપરાધી છે તેમને જો માફ કરીએ, તો ઈશ્વરે વચન આપ્યું છે કે, તે આપણાં પાપોની માફી આપશે. ક્રોધી, કચકચનો આત્મા એ જ પ્રમાણે ઈશ્વરની આગળ કંટાળારૂપ છે. લોહી વહેવડાવવાની દુષ્ટ ભાવના તથા લડાઈ માનવ-હૃદયમાં છે અને તેથી કરીને જો હૃદયને ટકાવી રાખવું હોય તો ખરી શાંતિ તેમાં સ્થાપવી જોઈએ.

૬. **સાપ કે સર્પ** : એદન વાડીમાં સાપે હવાને ભુલાવીને ઈશ્વર સાથેની મીઠી સંગતનો તથા મેળનો નાશ કર્યો. શેતાન—પતિત દૂત—આદમ તથા હવાની અદેખાઈ કરતો હતો. જ્યારે તેણે તેમને જગત પર અમલ ચલાવતાં તથા ઈશ્વરની સાથે સંપૂર્ણ એકતામાં જીવતાં જોયાં ત્યારે તેણે લ્યુસીફરનું સ્થાન લીધું. અદેખાઈથી તેણે તેમનો નાશ કરવાનું કાવતરું કર્યું, અને ઈશ્વર સાથેના તેમના અદ્દભુત મેળનો નાશ કરવામાં સફળ થયો. તે જ શૈતાનિક અદેખાઈ તથા ઈર્ષા માણસોના હૃદયમાં હોઈને જ્યારે તેઓ બીજાઓને ખુશી તથા સુખચેનમાં રહેતાં જુએ છે, ત્યારે હૃદયમાંના સુખનો નાશ કરે છે. "ઈર્ષા શેઓલ જેવી ક્રૂર છે" (ગી. ગી. ૮ : ૬). તે હૃદયમાં ભૂંડા વિચારો લાવે છે કે, બીજાઓના સુખનો નાશ કરે. વળી તે ખૂન સુધી દોરી જાય છે. ખાસ કરીને જેઓ પરણેલાં છે તેઓની બાબતમાં થાય છે. ધંધામાં અને વળી જીવનની ગમે તે સ્થિતિમાં પણ તે અકથ્ય દુઃખ તથા ધિક્કાર પેદા કરે છે. ખ્રિસ્તી કામદારો, ઉપદેશકો તથા પાળકો પણ આ હુમલામાંથી બાકાત નથી. પ્રભુએ તેમના કરતાં તેના બીજા સેવકોનો ઉપયોગ કરવો જોઈએ. તેમણે પોતે સતત સાવધ રહેવું

Copyright ANGP

જોઈએ, તથા "પવિત્ર આત્મા દ્વારા જે ઈશ્વરનો પ્રેમ તેમનામાં વહેવડાવ્યો છે" તેથી ભરપૂર હોવું જોઈએ કે રખેને શૈતાનિક અદેખાઈનો આત્મા ઈશ્વર માટેની તથા તેમની સેવા માટેની ઉપયોગિતા બગાડી નાખે.

૭. **દેડકો :** દેડકો જે માટી પર જીવે છે તે અહીં લોભ તથા દ્રવ્યનો પ્રેમ, જે સઘળા પ્રકારનાં પાપનું મૂળ છે તેવાં પાપો વિષે બોલે છે. કોંગો દેશમાં અમુક જાતના એવા દેડકા હોય છે કે, જેઓ હજારોની સંખ્યામાં કીડીઓ ખાય છે, ને પછી તેઓ ફાટી જઈને મરી જાય છે. લોભી માણસ ગરીબ તથા મદદની જરૂરવાળા એવા માણસો પ્રત્યે પોતાના હાથ લાંબા કરવાને ઇચ્છતો નથી, પણ ગમે તે રીતે પ્રામાણિકપણે કે અપ્રામાણિકપણે આ જગતનું ધન જે છેવટે કાટ તથા કીડાથી નાશ પામનાર છે તેને માટે પ્રયત્ન કરે છે, ને લાભ ઉઠાવે છે. ઈસુએ પોતે કહ્યું : "પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જાય છે. પણ તમે પોતાને સારુ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જતા નથી. કેમ કે જ્યાં તમારું દ્રવ્ય છે ત્યાં જ તમારું ચિત્ત પણ રહેશે" (માત્થી ૬ : ૧૯–૨૧). આખાન તથા તેના ઘરનાં નાશ પામ્યાં; કારણ કે તેણે સોના તથા ચાંદી તથા કીમતી પાષાણો અને જામા પર પ્રેમ કર્યો (યહો. ૭). યહુદા ઈસકારીઓત ઈસુનો શિષ્ય, ગળે ફાંસો ખાઈને મરી ગયો; કારણ કે દ્રવ્યના પ્રેમને લીધે તે તેના ગુરુ તથા પ્રભુને પરસ્વાધીન કરનાર બન્યો હતો. પૈસા ભૂંડા નથી, અથવા સોનું પણ નહિ; પણ એ તો દ્રવ્યનો લોભ જે માનવ-હૃદયમાં છુપાએલો છે.

બધા વર્ગનાં તથા જાતનાં હજારો પુરુષો તથા સ્ત્રીઓ પોતાનાં તથા પોતાનાં કુટુંબોનાં જીવનોનો ખોટી ઇચ્છાથી મોટી રકમ તથા દ્રવ્ય મેળવવાને, જુગાર, ઘોડા તથા કૂતરા દોડની શરતો વગેરેમાં મોટી રકમ ખરચીને નાશ કરી રહ્યાં છે. બહુ મુશ્કેલી વગર એકદમ ધનવાન

Copyright ANGP

થવાની ઇચ્છા ચોરી, ખૂન અને આત્મહત્યાના માર્ગે પણ દોરી જાય છે. દ્રવ્યનો પ્રેમ તથા લોભના ઘણા મિત્રો છે જેવા કે, પ્રખ્યાતીનો પ્રેમ, બળનો પ્રેમ, ને બીજા પર અધિકાર ચલાવવાના બળનો પ્રેમ હોઈ શકે. નાણાકીય શક્તિ કે જેથી ગરીબને દબાવવામાં આવે, ધાર્મિક બળ, ઈશ્વર કરતાં મંડળીની વ્યવસ્થાના નામમાં વધારે ધગશ, પોતાની અમુક મંડળીમાં રહી ખ્રિસ્તની પાછળ દઢતાથી ચાલવા માગે છે તેવા સંતોને દોષ દેવો (માર્ક. ૯ : ૩૮). ઈસુએ કહ્યું, "સાવધાન રહો, અને સર્વ [પ્રકારના] લોભથી દૂર રહો; કેમ કે કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં રહેલું નથી" (લૂક ૧૨ : ૧૫). ધનવાન મૂર્ખની વાર્તા આ પ્રમાણે છે : "એક ધનવાન માણસની ભોંયમાંથી ઘણી ઊપજ થઈ; તેણે મનમાં એવો વિચાર કર્યો કે, હું શું કરું ? કેમ કે મારી ઊપજ ભરી મૂકવાને મારી પાસે જગા નથી. તેણે કહ્યું કે, હું આમ કરીશ : મારી વખારોને પાડી નાખીને હું તે કરતાં મોટી બંધાવીશ; અને ત્યાં મારું બધું અનાજ તથા મારી માલ-મિલકત ભરી મૂકીશ. હું મારા જીવને કહીશ કે, ઓ જીવ, ઘણાં વરસને માટે ઘણી માલમિલકત તારે સારુ રાખી મૂકેલી છે; આરામ લે, ખા, પી, આનંદ કર. પણ ઈશ્વરે તેને કહ્યું કે, ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માગી લેવામાં આવે છે; ત્યારે જે વસ્તુઓ તેં સિદ્ધ કરી છે તે કોની થશે ? જે પોતાને સારુ દ્રવ્યનો સંગ્રહ કરે છે, અને ઈશ્વર પ્રત્યે ધનવાન નથી, તે તેવો જ છે" (લૂક ૧૨ : ૧૬-૨૧). "કેમ કે જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય ?" માર્ક ૮ : ૩૬). "તમારા જીવને સારુ ચિંતા ન કરો કે, અમે શું ખાઈશું; તેમ તમારા શરીરને સારુ પણ ન કરો કે, અમે શું પહેરીશું...પરંતુ તમે તેનું રાજ્ય શોધો, અને એ વાનાં પણ તમને આપવામાં આવશે...કેમ કે જ્યાં તમારું દ્રવ્ય છે ત્યાં જ તમારું ચિત્ત રહેશે" (લૂક ૧૨ : ૨૨–૩૪).

૮. **શેતાન** : શેતાન બધા જૂઠાઓનો તથા જેઓ જૂઠ



Copyright ANGP

આચરે છે તેનો પિતા જે અનેક જુદાં જુદાં પાપોનો ઉશ્કેરનાર ને હૃદયનો અધિકારી છે. ઇસુએ કહ્યું, "તમે તમારા બાપ શેતાનના છો, અને તમારા બાપની દુર્વાસના પ્રમાણે તમે કરવા ચાહો છો. તે પ્રથમથી મનુષ્યઘાતક હતો, અને તેનામાં સત્ય નથી, તેથી તે સત્યમાં સ્થિર રહ્યો નહિ. જ્યારે તે જૂઠું બોલે છે, ત્યારે તે પોતાથી જ બોલે છે; કેમ કે તે જૂઠો, અને જૂઠાનો બાપ છે" (યોહાન ૮ : ૪૪). એક નાનું જૂઠાણું મોટાના જેટલું જ છે. એવાં જૂઠાણાં છે કે જે બોલાય છે, લખાય છે ને કરાય છે. ઢોંગ એ જૂઠાણું છે; કારણ કે હકીકતમાં તે જે નથી તેવો બતાવવાને ઢોંગ કરે છે. ઈશ્વર જૂઠું બોલી શકતો નથી, ને ખ્રિસ્તી પણ નહિ ( તીતસ ૧ : ૨ ). "જો આપણે કહીએ કે, તેની સાથે આપણી સંગત છે, અને અંધકારમાં ચાલીએ, તો આપણે જૂઠું બોલીએ છીએ, અને સત્યથી વર્તતા નથી" ( ૧ યોહાન ૧ : ૬ ). "કૂતરા, જાદુગરો, વ્યભિચારીઓ, ખૂનીઓ, મૂર્તિપૂજકો તથા જે સર્વ અસત્ય ચાહે છે અને આચરે છે, તેઓ બહાર છે" (પ્રકટી. ૨૨ : ૧૫). "અસત્ય ઉચ્ચરનાર જૂઠા સાક્ષીને તથા જૂઠાને પ્રભુ ધિક્કારે છે" ( નીતિ. ૬ : ૧૯ ).

Copyright ANGP

૯. **તારો :** તારો દરેક માણસમાં રહેલી પ્રેરકબુદ્ધિ ( કર્તવ્યજ્ઞાન) વિષે બોલે છે. અહીં તે અશુદ્ધ તથા ભ્રષ્ટ થયેલી, કદાચને સતત તથા ઇચ્છાનુસાર પાપને લીધે મરેલી છે, આંધળી તથા આડે માર્ગે ગયેલી છે તેથી તે પોતાનાં કાર્યોનો ન્યાય કરી શકતી નથી. આ ભ્રષ્ટ મતિ ઘણી વખતે શાંત ને ઘણી વખતે ચલિત હોય છે. જ્યારે માફીની જરૂર હોય, ત્યારે તહોમત મૂકે છે, ને જ્યારે તહોમત મૂકવાનું હોય ત્યારે માફી આપે છે. ગરમ લોખંડના ડામ જેમ તે સુકાઈ ગઈ છે તથા તેની બધી બુદ્ધિ ગુમ થઈ છે અને વિશ્વાસથી દૂર થવાની ભાવના રાખે છે ને ફોસલાવીને અનીતિના માર્ગ પર તથા શેતાનના સિદ્ધાંતો ને ઢોંગમાં અસત્ય બોલવા પર ધ્યાન આપે છે ( ૧ તીમોથી ૪ : ૧, ૨; હેબ્રી. ૧૦ : ૨૨ ).

૧૦. **આંખ :** હૃદયમાં જે કાંઈ બને છે તે ઈશ્વરની આંખ જુએ છે. તેની બળતી આંખથી કાંઈ સંતાડેલું ન હોવાથી તે હૃદયના ખાનગી વિચારો તથા ભાવનાઓ જાણે છે ને જુએ છે. તમે તમારાં ભૂંડાં કામો અંધારામાં, ઘીચ જંગલમાં, ઘણા જ ઊંડા ખાડામાં કે ગમે ત્યાં કરો પણ ઈશ્વર તે જુએ છે. ( આ ચિત્રોમાં આપેલી આંખ માણસના મુખ પરની છાપ સાથે મળતી આવે છે).

૧૧. **અગ્નિરૂપ નાની જીભ :** માણસના હૃદયની આસપાસની અગ્નિરૂપ નાની જીભ પાપી હૃદયની આસપાસ ઈશ્વરનો પ્રેમ દર્શાવે છે. જ્યારે ઈશ્વર પાપને ધિક્કારે છે ત્યારે તે માણસને ચાહે છે તથા પાપીના મરણને ઇચ્છતો નથી, પણ તે પસ્તાવો કરે ને જીવે. ઈસુ પાપીઓને બચાવવાને આવ્યો. એક પાપી પસ્તાવો કરે તો આકાશમાં મોટો આનંદ થાય છે. નાની જીભ ઈસુ ખ્રિસ્તના રક્ત વિષે પણ બોલે છે. "ઈશ્વરનું હલવાન જે જગતનું પાપ હરણ કરે છે."

૧૨. **દૂત :** દૂત ઈશ્વરનું વચન રજૂ કરે છે. ઈશ્વર ચાહે છે કે તે છેતરાયેલા, પાપથી લદાયેલા પુરુષ કે સ્ત્રી સાથે વાત કરે, કે તે કે તેણી પસ્તાવો કરે, ને તેના હૃદયમાં ઈશ્વરનો પ્રકાશ તથા પ્રેમ આવવા દે.

૧૩. **કબૂતર :** કબૂતર પવિત્ર આત્માની ઉપમા છે. સત્યનો આત્મા જે પાપ વિષે, ન્યાયીપણા વિષે તથા ન્યાય ચૂકવવા વિષે સમજણ આપે છે. અહીં પવિત્ર આત્મા માણસના હૃદયની બહાર છે. જ્યાં પાપ રાજ્ય કરે છે ત્યાં તે રહી શકતો નથી.

શું આ હૃદયનું ચિત્ર તમારા હૃદયની સ્થિતિને મળતું આવે છે? પ્રભુને આજીજી કરો ને તેના વચનનો પ્રકાશ તેમાં આવે માટે તમારું હૃદય ખુલ્લું કરો. "પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, ને તું તારણ પામશે." ઈશ્વર ઇચ્છા રાખે છે; હા, તેણે તમારું હૃદય બદલવાને તથા તમને નવું હૃદય તથા નવો આત્મા આપવાને વચન આપ્યું છે. આ બીજા ચિત્રમાં દર્શાવેલું છે.

Copyright ANGP

# ચિત્ર બીજું : ગુનેગાર અને આધીન થતું હૃદય

આ ચિત્ર ઈશ્વરને શોધવાનું શરૂ કરતા પસ્તાવિક હૃદયને બતાવે છે. ઈશ્વરના વચનરૂપી તરવાર દૂતે પકડી છે જે "શબ્દ (વચન) સમર્થ




ચિત્ર બીજું : ગુનેગાર અને આધીન થતું હૃદય

તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે" (હેબ્રી. ૪ : ૧૨). ઈશ્વરનું વચન તેને યાદ દેવડાવે છે કે, " પાપનો મુસારો મરણ છે," અને એ કે " જેમ માણસોને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે" ( હેબ્રી. ૯ : ૨૭ ). પાપીનો તથા અવિશ્વાસીનો બદલો અગ્નિના સરોવરમાં થશે જે આગ તથા ગંધકથી બળે છે.

દૂતના બીજા હાથમાં ખોપરી છે. આ એ માટે છે કે પાપી યાદ રાખે કે, આપણે બધાંને મરવાનું છે. આપણું શરીર કે જેના ઉપર આપણે બહુ પ્રેમ રાખીએ છીએ, તેની વાસનાઓ તથા ભાવનાઓ સંતોષવા માટે કપડાં, ખોરાક તથા સુંદરતા માટે ઘણી કાળજી તથા ધ્યાન રાખીએ છીએ. તે એક વખતે મરવાનું છે તથા કીડાઓ તેને ખાઈ જવાના છે; જ્યારે આપણો આત્મા તથા પ્રાણ સદાકાળ રહેવાનાં છે, અને એક દિવસે ઈશ્વરના રાજ્યાસનની આગળ હાજર થવાનાં છે.

અહીં આપણે પાપીને ઈશ્વરના સંદેશા પ્રત્યે સાવચેત થવાની શરૂઆત કરતો તથા ઈશ્વરના પ્રેમ પ્રત્યે પોતાનું હૃદય ખુલ્લું કરતો જોઈએ છીએ. પવિત્ર આત્મા અંધકારમય તથા પાપી હૃદયમાં પ્રકાશવાની શરૂઆત કરે છે. બધો અંધકાર દૂર કરવાને માટે ઈશ્વરનો પ્રકાશ તેના મંદિરમાં પ્રવેશ કરે છે. જ્યારે ઈશ્વરનો પ્રકાશ અંદર આવે છે ત્યારે અંધકારને જવું પડે છે. પાપ કે જેને ઘણાં પ્રાણીઓની ઉપમાઓ સાથે રજૂ કરવામાં આવ્યું છે તેને નાસવું પડે છે. માટે વહાલા વાંચક, ઈસુ જે જગતનું અજવાળું છે તેને તમારા હૃદયમાં આવવા દો, જેથી આ ચિત્રમાં જે પ્રમાણે આપેલું છે તે પ્રમાણે અંધકાર તથા અંધકારનાં કામોને તમારું હૃદય છોડીને જવું પડે. "જગતનું અજવાળું હું છું; જે મારી પાછળ આવે છે, તે અંધકારમાં નહિ ચાલશે" ( યોહાન ૮ : ૧૨ ). તમારા પોતાના પ્રયત્નોથી કે

Copyright ANCP


તમારા પોતાના જ્ઞાનથી કે માણસોના જ્ઞાનથી તમારા હૃદયમાં રહેલ અંધકારને બહાર કાઢવાને તમે કદી જ સફળ થશો નહિ. બહુ જ સરળ, ખાતરીવાળો, ઝડપી તથા બહુ જ અસરકારક ને વળી એક જ માર્ગ એ છે કે, ઈસુ જે અજવાળું છે તેને અંદર આવવા દો, અને અંધકાર જે પાપ છે તેને જવું પડશે. ચંદ્ર તથા તારાઓ અંધારી રાતમાં આપણને કાંઈક પ્રકાશ આપે, પણ જ્યારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે અંધકાર તેમ જ નાના નાના દીવા પણ અદૃશ્ય થાય છે. ખ્રિસ્ત ન્યાયીપણાનો સૂર્ય છે. જ્યારે તે યરૂશાલેમના મંદિરમાં પ્રવેશ્યો ત્યારે જેઓ બળદો, ઘેટાં તથા કબૂતરોને વેચતા હતા તેઓને, તથા નાણાવટીઓને બહાર હાંકી કાઢ્યા ને કહ્યું કે, " મારું ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે, એમ લખેલું છે; પણ તમે એને લૂટારાઓનું કોતર કર્યું છે" ( માત્થી ૨૧ : ૧૩ ). ઈશ્વરનું ઘર, ઈશ્વરનું મંદિર બનવાને તમારું હૃદય નિર્મિત થયેલું છે. તેની ઇચ્છા છે કે તે તેમાં રહે, તેને સુંદર બનાવે; પ્રકાશથી, પ્રેમથી તથા આનંદથી ભરે. ઈસુ આપણાં પાપોની ક્ષમા આપવાને જ આવ્યો છે એટલું જ નહિ, પણ તે આપણને મુક્ત કરવાને તથા પાપના સામર્થ્યથી તથા રાજ્યથી સ્વતંત્ર કરવાને પણ આવ્યો છે. " જો દીકરો ( ઈસુ ) તમને મુક્ત કરે, તો તમે ખરેખર મુક્ત થશો" ( યોહાન ૮ : ૩૬ ).

Copyright ANCP

## ચિત્ર ત્રીજું : પસ્તાવિક હૃદય

આ ચિત્ર આપણને ખરેખરા પસ્તાવિક પાપના હૃદયની સ્થિતિ બતાવે છે. હવે તે પોતાનાં અનેક મોટાં તથા ભયંકર પાપો જોઈ શકે છે. કે જેને માટે ઈસુ વધસ્તંભે મર્યો. દૂત, ઈશ્વરના વચન દ્વારા વધસ્તંભને પ્રગટ કરે છે. તેને જેવો તે નિહાળે છે તેવો તે હૃદયભંગિત થાય છે તથા પોતાનાં પાપોને લીધે હૃદયદ્રાવક પસ્તાવો કરે છે ને ખેદિત થાય છે. જેવો તે ખ્રિસ્ત ઈસુમાં ઈશ્વરનો મહાન પ્રેમ પ્રગટ

થયેલો જુએ છે તેવો તે પ્રેમ તેના હૃદયને પીગળાવી દે છે. ખાસ કરીને જ્યારે તે ઈસુ ખ્રિસ્ત, ઈશ્વરના દીકરાને પોતાનાં અનેક પાપો




ચિત્ર ત્રીજું : પસ્તાવિક હૃદય

લેવાને તથા પોતાની જગા પર તે શાપિત સ્તંભે મરવાને તૈયાર હતો તે સમજવાનું શરૂ કરે છે ત્યારે.

ખ્રિસ્તને પડેલો કોરડાનો માર, તેના માથા પર કાંટાનો મુગટ, ઘાતકી ખીલાઓ તેના હાથ તથા પગોમાં ઠોકવામાં આવ્યા તથા આપણાં પાપોને લીધે તે વધસ્તંભે મર્યો, આ સત્ય હકીકત પસ્તાવિક પાપીને સ્પષ્ટ રીતે તથા ઊંડી રીતે તેના હૃદયમાં તથા જીવનના બદલાણમાં લાવે છે. જેવો તે ઈશ્વરનાં વચનો વાંચે છે તેવો તે અરીસામાં જોતો હોય તેમ પોતાને જુએ છે તથા તેને વધારે ને વધારે ભાન થાય છે કે તે કેટલો બધો ઈશ્વરથી દૂર ઘસડાઈ ગયો છે તથા તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું છે! ઊંડો દૈવી ખેદ તથા પસ્તાવો તેનો કબજો મેળવે છે, અને જેવો તે આંસુ સહિત તથા રુદન સહિત ઈશ્વરની આગળ પોતાનું હૃદય રેડે છે તેવો ઈસુ તેની નજદીક આવે છે. જ્યારે તે, "ઈશ્વરના પુત્ર, ઈસુ ખ્રિસ્તનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે" (૧ યોહાન ૧ : ૭) એ સમજવાને શરૂ કરે છે ત્યારે ઈશ્વરનો પ્રેમ તથા શાંતિ તેના હૃદયમાં પ્રવેશે છે. "આશાભંગ થયેલાઓની પાસે યહોવા છે, અને નમ્ર આત્માવાળાને તે તારે છે" (ગી. શા. ૩૪ : ૧૮). ફરીથી ઈશ્વરનું વચન જાહેર કરે છે કે, "જે ગરીબ તથા નમ્ર હૃદયનો છે, ને મારા વચનને લીધે ધ્રૂજે છે, તેની જ તરફ હું દૃષ્ટિ રાખીશ" (યશા ૬૬ : ૨). પવિત્ર આત્મા ઈસુનાં વચનો તેના કાનમાં કહે છે, "દીકરા (દીકરી) ખુશી થા, તારાં પાપો માફ થયાં છે." હજુ તે વધસ્તંભ પર તથા વધસ્તંભ પર વહેવડાવેલા ઈસુના રકત તરફ જુએ છે તથા માને છે કે આ બધું તેના માટે થયું, તેના પાપનો બોજો લઈ લેવાયો છે એવું તે માનવાની શરૂઆત કરે છે; કારણ કે ઈસુએ આપણાં દુઃખો ભોગવ્યાં તથા આપણો શોક ઉઠાવ્યો; એટલે, "આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો...અને યહોવાએ તેના પર આપણા સર્વનાં પાપ [નો ભાર] મૂક્યો છે" (યશાયા ૫૩).

શુદ્ધ થયેલા હૃદયનો કબજો પવિત્ર આત્મા તથા ઈશ્વરનો પ્રેમ લે છે. જેવો તે વિશ્વાસથી વધસ્તંભ તથા ઈસુ તરફ જુએ છે તેવો

Copyright ANCP

તે સમજવા માંડે છે કે તેનાં પાપોની ક્ષમા થઈ છે, અને તે તેના હૃદયમાં ખાતરી મેળવે છે કે, દેવના પુત્ર ઈસુનું રક્ત તેનાં સઘળાં પાપથી તેને શુદ્ધ કરે છે (૧ યોહાન ૧ : ૭). હવે તેને ખાતરી છે કે, જે ઈસુ પર વિશ્વાસ કરે છે તેનો નાશ નહિ થાય, પણ તે અનંતજીવન પામશે (યોહાન ૩ : ૧૬). કારણ કે ઈસુમાં, " એના લોહી દ્વારા, તેની કૃપાની સંપત પ્રમાણે આપણને ઉદ્ધાર એટલે પાપની માફી મળી છે" (એફેસી ૧ : ૭). પાપી દૈહિક વાસનાઓએ હવે ખ્રિસ્તને માટે જીવવાને તથા તેની સેવા કરવાને જગા આપી છે. " તેણે પ્રથમ આપણા પર પ્રેમ કર્યો." જગત કે જગતનાં વાનાં પર પ્રેમ કરવાને બદલે હવે તે ઈશ્વર પર તથા ઈશ્વરનાં વાનાં પર પ્રેમ કરે છે.


તેથી આ ચિત્રમાં જે પ્રાણીઓ પાપ દર્શાવે છે તેઓ હવે તેના હૃદયની બહાર છે. જો કે શેતાન પોતાનું પહેલાંનું રહેઠાણ છોડવાને નાખુશ છે તેથી પાછું જોતાં એવી આશા રાખે છે કે, ફરીથી તેને પ્રવેશ મળે. આથી જ પ્રભુ ઈસુએ આપણને જાગતા રહેવાને તથા પ્રાર્થના કરવાને ચેતવણી આપી છે: શેતાનનો સામનો કરો કે તે આપણી પાસેથી નાસી જાય.

Copyright ANCP

## ચિત્ર ચોથું : ખ્રિસ્ત સાથે વધસ્તંભે જડાવું

આ ચિત્ર ખ્રિસ્તી કે જેણે આપણા પ્રભુ તથા તારનાર ખ્રિસ્તના બલિદાન દ્વારા સંપૂર્ણ શાંતિ તથા ઉદ્ધાર મેળવ્યાં છે તથા તે બીજા કશામાં અભિમાન કરતો નથી. " આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ સિવાય હું બીજા કશામાં અભિમાન કરું એવું ન થાઓ; તેથી કરીને મારા સંબંધી જગત વધસ્તંભે જડાયેલું છે, અને જગત સંબંધી હું " ( ગલાતી ૬ : ૧૪ ) તે વિષે બોલે છે. "ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યો જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ " ( ૧ પીતર ૨ : ૨૪ ). ખ્રિસ્તી જગત સંબંધી

વધસ્તંભે જડાયો છે. આપણને આજ્ઞા આપવામાં આવી છે કે, "આત્માથી ચાલો, એટલે તમે દેહની વાસના તૃપ્ત કરશો નહિ" (ગલાતી ૫:૧૬, ૨૫).



ચિત્ર ચોથું : ખ્રિસ્ત સાથે વધસ્તંભે જડાવું

પ્રભુ ઈસુનાં વસ્ત્રો ઉતારીને કોરડાનો માર મારવાને તેને જે થાંભલે બાંધવામાં આવ્યો હતો તે, તથા કોરડો ને સોટી જે વડે ક્રૂરતાથી તેને માર મારવામાં આવ્યો હતો, તે પણ આ હૃદયના ચિત્રમાં

દર્શાવવામાં આવ્યાં છે. તેને આપણાં પાપોને લીધે માર પડયો; કારણ કે "આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ" (યશાયા ૫૩ : ૫). હેરોદ તથા તેના લોકોએ તેની મશ્કરી કરી તથા કોરડા મરાવ્યા પછી તેના માથા પર સોનાનો મુગટ મૂકવાને બદલે કાંટાનો મુગટ મૂકવામાં આવ્યો, અને રાજાનો રાજદંડ આપવાને બદલે તેના હાથમાં એક સોટી આપવામાં આવી, ને તેઓ તેની મશ્કરી કરતાં "યહુદીઓના રાજા સલામ" એમ કહેતાં તેની આગળ નમ્યા. તેઓ તેના પર થૂંકયા તથા તેની પાસેથી સોટી લઈને તેના માથા પર મારી. આ પ્રમાણે શરમજનક રીતે તથા ક્રૂર રીતે તેની મશ્કરી કર્યા પછી તેઓ તેને વધસ્તંભે જડવાને લઈ ગયા.

ઘણા નામધારી ખ્રિસ્તીઓ કે જેઓ દેવળોમાં પ્રાર્થના કરે છે, પ્રભુભોજનમાં ભાગ લે છે, ઈશ્વરનાં ગીતો ગાય છે, તેમ છતાં તેમનાં દુષ્ટ કૃત્યોથી તેમના તારનારને સતત વધસ્તંભે જડાવે છે. "જેઓ મને પ્રભુ, પ્રભુ કહે છે, તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે કરે છે [ તેઓ જ પેસશે" ] (માથ્થી ૭ : ૨૧). આ ચિત્રમાં યહુદાની પૈસાની કોથળી પણ જોઈએ છીએ, જેણે ઈસુને પરસ્વાધીન કરાવીને ત્રીસ રૂપિયામાં વેચી દીધો હતો; કારણ કે પૈસાના પ્રેમે તેના હૃદયને કબજે કર્યું હતું, અને તેની આંખો આંધળી કરી હતી. બત્તી, સાંકળ વગેરેનો ઉપયોગ તે રાત્રે જ્યારે સિપાઈઓએ ઈસુને બંદીવાન કર્યો ત્યારે કર્યો હતો. પૈસાનો ઉપયોગ ઘણી વખતે જુગાર રમવા માટે થાય છે. તેનો ઉપયોગ સિપાઈઓએ તેનાં કપડાં વહેંચવામાં કર્યો હતો, અને એમ ઈશ્વરના વચનની ભવિષ્યવાણી પૂર્ણ થઈ. "તેઓ માંહોમાંહે મારાં લૂગડાં વહેંચી લે છે; અને મારા ઝભ્ભાને માટે તેઓ ચિઠ્ઠી નાખે છે" (ગી. શા. ૨૨ : ૧૮). તેઓએ ઈસુ પાસેથી બધું લઈ લીધું, પણ "આ માણસ અમારા પર રાજ્ય કરે એવું અમારે જોઈતું નથી" એમ કહેતાં તેનો નકાર કર્યો.

સામાન્ય રીતે માનવજાત ઈશ્વરના બધા આશીર્વાદો, પુષ્કળ વરસાદ તથા સૂર્યપ્રકાશ પામવાને આતુર હોય છે; પણ ઈશ્વરના સંપૂર્ણ ધણીપણાને સોંપાવાને માગતા નથી. ઘણા જણ માટે તો ઈશ્વર, મુશ્કેલીના સમયમાં તથા નિરાશામાં મદદ કરનાર જેટલો જ ભલો છે.

ભાલાથી સિપાઈઓએ તેની કૂખ તથા હૃદય વીંધ્યાં હતાં, "એટલે તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં" (યોહાન ૧૯ : ૩૪). મરઘો બોલે તે પહેલાં પીતરે ત્રણ વાર ઈસુનો નકાર કર્યો હતો, પણ પાછળથી આંસુ સહિત તેણે પસ્તાવો કર્યો હતો. શું તમે તમારા શબ્દો તથા કૃત્યો મારફતે ઈસુને કબૂલ કરો છો? અથવા શું તમે માણસોની આગળ તેમ કરતાં શરમાઓ છો? ઈસુએ કહ્યું, "માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ. પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે, તેનો નકાર હું પણ મારા આકાશમાંના બાપની આગળ કરીશ" (માત્થી ૧૦ : ૩૨, ૩૩).

ઈસુએ એમ પણ કહ્યું, "અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ જે આવતો નથી તે મારે યોગ્ય નથી" (માત્થી ૧૦ : ૩૮).

ધન્ય તેઓને છે જે ઈસુ ખ્રિસ્ત ખડક છે તેના પર ઊભા રહે છે.


"જીવતા ખડક, ખરી આડ, મારા ઉપર છાયા પાડ!
તારી કૂખથી વહ્યું જળ તથા લોહી તેનું ફળ
થાઓ પાપના બે ઇલાજ : દોષ મટાડો, ટાળો રાજ."

Copyright ANGP

## ચિત્ર પાંચમું : ઈશ્વરનું મંદિર

આ ચિત્ર, ઈશ્વરની પુષ્કળ દયા તથા કૃપા દ્વારા તારણ પામેલા પાપીનું શુદ્ધ તથા પવિત્ર કરાયેલું હૃદય બતાવે છે. તે ઈશ્વરનું સાચું મંદિર બન્યું છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના વચન પ્રમાણે તે ઈશ્વર–પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા–નું રહેઠાણ બન્યું છે. "જો કોઈ મારા પર પ્રેમ રાખતો હશે તો તે મારું વચન પાળશે; અને મારો બાપ તેના પર

પ્રેમ રાખશે, અને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું" (યોહાન ૧૪ : ૨૩). ઈસુ ખ્રિસ્ત મારફતે ઈશ્વર માણસને માન આપે છે, આશીર્વાદ આપે છે તથા ઊંચો કરે છે.




હવે હૃદય ખરેખર ઈશ્વરનું સાચું મંદિર બન્યું છે. પાપ બહાર હાંકી કઢાયું છે. જૂઠના પિતા શેતાન મારફતે અનેક જુદાં પ્રાણીઓ દ્વારા અમલ ચલાવવાને બદલે આપણે જોઈએ છીએ કે પવિત્ર

આત્મા, સત્યનો આત્મા હૃદયમાં રહે છે. અમંગળપણાના પાપના સ્થાનને બદલે હૃદય સુંદર, ફળવાન ઝાડ કે વાડી બન્યું છે જે આત્માનાં ફળો ઉપજાવે છે; જેવાં કે, પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા, સંયમ તથા એવાંના જેવાં બીજાં કે જે ઈશ્વર તથા માણસને પ્રસન્ન કરે છે. હવે તે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત-સાચા દ્રાક્ષાવેલાની ફળવાન ડાળી બન્યો છે, આ ફળ આપવાનો મર્મ તો એ છે કે તે ખ્રિસ્તમાં રહે છે અને ખ્રિસ્ત તથા તેનાં વચનો તેનામાં રહે છે (યોહાન ૧૫ઃ૧–૧૦). તે પવિત્ર આત્માથી ભરપૂર હોઈને તથા તેનાથી બાપ્તિસ્મા પામેલો હોઈને દેહ તથા વાસનાઓ પર જય પામવાને તથા જૂના માણસપણાને વધસ્તંભે જડવાને તેની પાસે સામર્થ્ય છે. પવિત્ર આત્માના સામર્થ્યથી તે આત્મામાં ચાલવાને શક્તિમાન થાય છે ને દેહ પર જય પામે છે. હવે તે જે જુએ છે, સાંભળે છે તથા અનુભવે છે તે પ્રમાણે જીવતો નથી; પણ વિશ્વાસથી – કારણ કે ખ્રિસ્ત ઈસુ પરનો વિશ્વાસ તે જગત ઉપરનો વિજય છે. તે ખાતરીવાળી તથા જીવંત આશાથી જીવે છે, અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નજીકના આગમનની મહિમાવંત આશાથી બળ પામે છે. તે ઈશ્વરનો પ્રેમ જે સદાકાળ રહે છે તે વડે તથા તેમાં જીવે છે.

"મનમાં જેઓ શુદ્ધ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ ઈશ્વરને જોશે" (માત્થી ૫ : ૮). દાઊદ રાજા તેનું અઢળક ધન તથા બહારના દુશ્મનો પર વિજયો મેળવ્યા હોવા છતાં જાણતો હતો કે, તેના પોતાના હૃદયમાં મહાન યુદ્ધ ચાલી રહ્યું હતું, ને તેની ઊંડી આંતરિક અગત્ય સમજીને પ્રાર્થના કરી કે, "હે ઈશ્વર, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર; અને મારા આત્માને નવો અને દૃઢ કર" (ગી. શા. ૫૧ : ૫૦). જ્યાં સુધી સાચા પસ્તાવાથી કોઈ ઈશ્વરની પાસે જેમ દાઊદ આવ્યો તેમ આવતો નથી, અને કહેતો નથી કે, ઈશ્વર મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર, ત્યાં સુધી કોઈપણ પોતાનું હૃદય શુદ્ધ કરવાને શક્તિમાન નથી; અગર તો પોતાનામાં નવું હૃદય ઉત્પન્ન કરવાને શક્તિમાન નથી.

Copyright ANCP

તમારા જીવનમાં ઈશ્વર નવું કાર્ય કરવા ઉત્સુક (આતુર) છે. તમે થીગડાં મારેલા તથા ચીંથરેહાલ તમારા ન્યાયીપણાનાં વસ્ત્રોને ખાલી વચનો તથા ઠરાવોથી ઈશ્વરને માટે યોગ્ય એવું રહેઠાણ બનાવી શકશો નહિ. તમને તે મદદ કરવાને બહુ જ આતુર છે; કારણ કે તેણે જ વચન આપતાં કહ્યું છે, "હું તમારા પર શુદ્ધ પાણી છાંટીશ, ને તમે શુદ્ધ થશો; તમારી સર્વ મલિનતાથી તથા તમારી સર્વ મૂર્તિઓથી હું તમને શુદ્ધ કરીશ. હું તમને નવું હૃદય પણ આપીશ, ને હું તમારી અંદર નવો આત્મા મૂકીશ; અને હું તમારા દેહમાંથી પાષાણમય હૃદય દૂર કરીશ, ને હું તમને માંસનું હૃદય આપીશ. હું મારો આત્મા તમારામાં મૂકીશ, ને તમને મારા વિધિઓ પ્રમાણે ચલાવીશ, ને તમે મારી આજ્ઞાઓ પાળશો તથા તેમને અમલમાં આણશો" (હઝકી. ૩૬ : ૨૫–૨૭). આ નવા કરારનો ખુલાસો છે જે પર ઈશ્વરના પુત્ર, ઈસુ ખ્રિસ્તના રક્ત દ્વારા ઈશ્વરે મુદ્રા મારી છે.


આ ચિત્રમાં આપણે દૂતને ફરીથી જોઈએ છીએ. જેઓ અનંતજીવનનો વારસો પામવાના છે તેઓની સેવા કરવાને, તથા જેઓ તેનાથી બીએ છે તેમની ચારે બાજુ છાવણી કરવાને દૂતોને રાખવામાં આવ્યા છે. (ગી. શા. ૩૪ : ૭, ૯૧ : ૧૧; દાની. ૬ : ૨૨; માત્થી ૨ : ૧૩, ૧૩ : ૧૯, ૧૮ : ૧૦; પ્રે. કૃ. ૫ : ૧૯, ૧૨ : ૭–૧૦).

આ ચિત્રમાં શેતાનને પણ જોવામાં આવે છે જે હૃદયની બહુ જ નજદીક ઊભો છે; જાણે કે તેના પહેલાંના રહેઠાણમાં ફરીથી પ્રવેશવા માટેની તકની રાહ જોતો હોય તેમ. તેથી આપણને જાગૃત રહેવાને તથા પ્રાર્થના કરવાને કહેવામાં આવ્યું છે; કારણ કે આપણો "વૈરી શેતાન ગાજનાર સિંહની પેઠે કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે" (૧ પીતર ૫ : ૮). ઘણી વખતે તે પ્રકાશના દૂતનો વેશ ધારણ કરે છે કે બિનજાગૃત સંતોને આ જગતની વાસનાઓથી છેતરે, તેના બારીક પ્રયત્નથી પસંદ કરેલાને પણ છેતરે. ગમે તે હોય, પણ જો આપણે શેતાનની સામા થઈએ, તો તે આપણી પાસેથી નાસી જશે (યાકૂબ ૪ : ૭).

Copyright ANGP

# ચિત્ર છઠ્ઠું : પરીક્ષણ પામેલું અને વિભાજિત થયેલું હૃદય

આ ચિત્ર પાછા હઠી ગયેલા દુઃખી માણસનું છે. એક આંખ બંધ થતી દેખાય છે તે બતાવે છે કે, તે પોતાના ખ્રિસ્તી જીવનમાં ઠંડો તથા




ચિત્ર છઠ્ઠું : પરીક્ષણ પામેલું અને વિભાજિત થયેલું હૃદય

ઊંઘણશી થવા લાગે છે, જ્યારે બીજી આંખ બેશરમ રીતે આજુબાજુ જોતાં જગતની સાથે પ્રેમ કરવા માગે છે. જે પ્રકાશ તેનામાં હતો તે ઝાંખો થવા માંડે છે તથા તેના હૃદયમાંની નિશાનીઓ જે ખ્રિસ્ત સાથે દુઃખ સહન કરવાને તૈયારી બતાવતી હતી તે અદૃશ્ય થઈ છે અને હવે પ્રામાણિક રહી નથી. તે પરીક્ષણોથી ઘેરાયેલો છે જેમનો સામનો કરવાને બદલે ધીમે ધીમે તે તેઓને આધીન થાય છે. ઈશ્વરની વાણી સાંભળવાને બદલે, તે હવે પરીક્ષણ કરનારના દાવપેચવાળાં સૂચનો તથા નકામાં વચનોને સાંભળવાની શરૂઆત કરે છે. જોકે પોતાના ઝભ્ભા નીચે જગત સંતાડેલું રાખીને હજુ પણ તે દેવળમાં જનાર હોય, પણ ઈશ્વરનો પ્રેમ તેના હૃદયમાં ઠંડો પડી ગયો છે. તે બે મનવાળો, બે મતોની વચ્ચે ઊભો રહેનાર થયો છે. તે જગત સાથે નખરાં કરે છે, ને ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં ઢોંગ કરે છે. તેના હૃદયનો તારો (પ્રેરણા) ઝાંખો થયો છે. હવે હસતા મુખે વધસ્તંભ ઊંચકવામાં આવતો નથી પણ બિનઆવકારી, મોટા બોજા સમાન બને છે. તેનો વિશ્વાસ ચલિત થાય છે, ને પ્રાર્થનામાં ઈશ્વરની સાથે સંગતમાં રહેવાનું બંધ કરે છે. તેના હૃદયની સ્થિતિ બેપરવા તથા બેકાળજી બને છે, અને ધીમે ધીમે પરીક્ષણ કરનાર જે તેના હૃદયની બહાર સંતાઈ રહ્યો છે તેને જગા આપે છે. સાચા વિશ્વાસીઓની સાથેની સંગતમાં આનંદ માણવાને બદલે તે જગિક માણસોની સંગતમાં આનંદ માને છે.

મોરનો આત્મા જે અભિમાન દર્શાવે છે તે પ્રવેશ શોધે છે. ફક્ત કૃપાથી તે તારણ પામેલો હતો, તે તે કદાચ ભૂલી જાય છે, અને અભિમાની ખ્રિસ્તી બને છે. છાકટાપણું બારણું ખટખટાવે છે અને પ્રવેશ શોધે છે. કદાચ કોઈ ખાસ પ્રસંગ હોય જેવો કે, જગિક મિત્રોના ટોળામાં જ્યાં તે ખાસ નબળો કે અતડો ગણાવા ઇચ્છતો નથી, ત્યારે શેતાન તેને કહે છે કે આ પ્રસંગ તેના આત્મિક જીવનને નુકસાન કરશે નહિ. દૈહિક વિચારો અને વાસનાઓ આપોઆપ

Copyright ANGP

લાગણીવશ થાય છે. કદાચ અનીતિમાન મશ્કરીઓ, અનીતિમાન ચિત્રોને વારે વારે લહેજતથી જોવાં, અને અનીતિમાન ટોળામાં આનંદ માણવો, નૃત્ય (ડાન્સ) ના ઓરડાઓમાં જેને માટે પ્રશ્ન છે તથા આનંદમાં મદદ કરવી, ફાડી ખાય તેવી દુષ્ટ સૂચનાઓ શેતાન પાસેથી મેળવવી, જે તેને કહે છે કે, આ બધું તો સ્વાભાવિક છે અને એક પાપ તે પાપ નથી.

ખરેખર, જો દુષ્ટતારૂપી જંગલી પક્ષીઓ તથા અશુદ્ધ વિચારો આપણા માથા પર ઊડે તો આપણે તે માટે કાંઈ કરી શકતા નથી, પણ જો આપણે તેમને આપણા પર સંસ્થાપિત થવા દઈએ, ને આપણાં હૃદયોમાં માળા બાંધવા દઈએ ને દુષ્ટ કૃત્યો સેવવા દઈએ, તો આપણે ગુનેગાર છીએ. જો આપણે શેતાનને આપણી નાની આંગળી આપીશું, તો તે ખાતરીપૂર્વક છે કે તે પોંચો પકડશે. આપણા આત્મા તથા પ્રાણને નર્કમાં ઘસડી જશે. તેથી આપણા માટે ઈશ્વરની ગંભીર ચેતવણી એ છે કે જુવાનીની વાસનાઓથી નાસી જવું, અને પાપ સાથે રમત કરવી નહિ. પછી તે ગમે તે રૂપે આવે. ઈસુ જે મુક્તિદાતા, વિજેતા છે તેની પાસે દોડી જાઓ

Copyright ANGP

આ ચિત્રમાં એક માણસ જે ખંજરથી હૃદયને ઘા કરતો દેખાય છે, તે ખ્રિસ્તી ધર્મની મશ્કરી કરનાર તથા વિરોધી છે એમ બતાવે છે. તેમની નિંદાખોર જીભથી તથા મશ્કરા હોઠોથી તેઓ ખ્રિસ્તીઓના હૃદયને ઘા કરી ઘાયલ કરે છે. આ હુમલાથી વિભાજિત હૃદય બચી શકતું નથી. તેને ઈશ્વર કરતાં માણસની વધારે બીક લાગવા માંડે છે, અને માણસ શું કહેશે કે કરશે તેની બીકના કારણે તે માણસનો ગુલામ બને છે, અને ઈશ્વરથી દૂર ઘસડાઈ જાય છે. મુશ્કેલ તથા નિરાશાના સમયમાં ગુસ્સો તથા ખરાબ સ્વભાવ આપોઆપ દેખા દે છે, અને અંદર પ્રવેશવાને દબાણ કરે છે. પેલો અદેખાઈનો ભૂંડો સાપ, જ્યારે બીજા વધારે સફળ તથા સુખી થાય છે ત્યારે દેખાય છે, અને

અજાણતાં તે અંદર પ્રવેશે છે, અને જો થોડી તક આપવામાં આવે તો ધિક્કાર તથા અભિમાન માટે દ્વાર ખોલશે.

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે જે ચેતવણી આપીને કહ્યું કે, "જાગતા રહો ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો" (માત્થી ૨૬ : ૪૧) તે વિષે જો આપણે સાવચેત ન રહીએ તો આપણાં હૃદયોમાં પૈસાના પ્રેમને પ્રવેશ કરવો બહુ જ સહેલ છે. "માટે જે કોઈ પોતાને સ્થિર ઊભેલો ધારે છે, તે પોતે ન પડે માટે સાવચેત રહે" (૧ કોરીંથી. ૧૦ : ૧૨). આપણે ઈશ્વરનાં સર્વ હથિયારોથી સજ્જ થવું જોઈએ કે જેથી આપણે શેતાનની કુયુક્તિઓની સામા થઈ શકીએ (એફેસી ૬ : ૧૧–૧૮).


## ચિત્ર સાતમું : પાછું હઠેલું કે હઠીલું (કઠણ) બનેલું હૃદય

આ ચિત્ર માણસના પાછા હઠી ગયેલા હૃદયની સ્થિતિ પ્રગટ કરે છે જેમાં એક વખતે તે પ્રકાશિત થયેલો તથા સ્વર્ગીય દાન ચાખ્યું હતું. વળી પવિત્ર આત્માનો ભાગીદાર બન્યો હતો તે હવે પતિત થયો છે. સાચી સુવાર્તા જેને "વધામણીના સમાચાર" કહે છે તે જેની આગળ રજૂ કર્યા તથા પ્રગટ કર્યા છતાં, જે માણસે કદી પસ્તાવો કર્યો નહિ તથા ઈશ્વરને સોંપાયો નહિ, તેવા માણસની સ્થિતિ આ ચિત્ર બતાવે છે. જે માણસ ઈશ્વર તેની સાથે આજીજી કરે છે છતાં પોતાનું હૃદય કઠણ કરે છે તે પોતાને સુધારવા વ્યર્થ ઉપાયો કરે, છતાં વધારે ને વધારે ખરાબ થશે.

પાછા હઠી ગયેલા વિષે ઈસુ પોતે તેની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે: "અશુદ્ધ આત્મા માણસમાંથી નીકળ્યા પછી નિર્જળ જગાઓમાં વિસામો શોધતો ફરે છે; પણ તે જડતો નથી, ત્યારે તે કહે છે કે, મારા જે ઘરમાંથી હું નીકળ્યો તેમાં હું પાછો જઈશ. જ્યારે તે આવે છે ત્યારે તે તેને વાળેલું તથા શોભાયમાન કરેલું

Copyright ANGP

માલૂમ પડે છે. પછી તે જઈને પોતાના કરતાં ભૂંડા બીજા સાત આત્માઓને તેડી લાવે છે, અને તેઓ માંહે આવીને ત્યાં રહે છે;



ચિત્ર સાતમું : પાછું હઠેલું કે હઠીલું ( કઠણ ) બનેલું હૃદય

અને તે માણસની છેલ્લી અવસ્થા પહેલાંના કરતાં ભૂંડી થાય છે" ( લૂક ૧૧ : ૨૪–૨૬ ). " પણ કૂતરું પોતાની ઓક તરફ, અને ધોયેલી

ભૂંડણ કાદવમાં આળોટવા સારુ પાછાં જાય છે, આ કહેવત તો ખરી છે, અને તે પ્રમાણે તેઓનું [વર્તન] થયું છે" (૨ પીતર ૨ : ૨૨ ).

આ વચનો પાછા પડી ગયેલા કે અપસ્તાવિક પાપીના હૃદયની સ્થિતિ સ્પષ્ટ રીતે સમજાવે છે. પાપ તેના બધા જ દગાથી પાછું રહેવાને તથા હૃદય ઉપર રાજ કરવાને આવ્યું છે. અમુક રીતે તેનો ચહેરો પણ તેના હૃદયની સ્થિતિ પ્રગટ કરે છે. પવિત્ર આત્મા–સાલસ કબૂતર–ને હૃદય છોડવું પડે છે; કારણ કે પાપ તથા પવિત્ર આત્મા સાથે રહી શકે નહિ. હૃદય માટે એ તદ્દન અશક્ય છે કે તે ઈશ્વરનું મંદિર થાય, ને તે જ સમયે તે શેતાનની બોડ પણ થાય. દૂત, ઈશ્વરના વચનને સખેદ જવું પડે છે. હજુ પણ એવી આશાથી પાછું જુએ છે કે, તે કે તેણી ઉડાઉ દીકરાની જેમ હજુ પણ કદાચને પસ્તાવો કરે. "જે શિંગો ભૂંડો ખાતાં હતાં તે [શિંગો]થી પોતાનું પેટ ભરવાને તેને મન થતું હતું; કોઈ તેને કશું આપતું નહિ. તે સાવચેત થયો ત્યારે તેણે કહ્યું કે...હું અહીંથી ઊઠીને મારા બાપની પાસે જઈશ, અને તેને કહીશ કે, બાપા, મેં આકાશ સામે તથા તારી આગળ પાપ કર્યું છે; હવે હું તારો દીકરો કહેવાવાને યોગ્ય નથી રહ્યો" ( લૂક ૧૫ : ૧૬–૧૮ ). પિતાએ તેના પસ્તાવિક પુત્રને જોઈને તેને માફી આપી તથા પાછો લીધો.

આ ચિત્રમાં હૃદય, સાચા પસ્તાવાની, ઈશ્વર તરફ પાછા ફરવાની કે ઈસુના ચરણો આગળ માફીની શોધ કરવી એવી કોઈ નિશાની બતાવતું નથી. તેની પ્રેરકબુદ્ધિ ગરમ લોખંડના ડામ જેમ સુકાઈ ગઈ છે ને શાંત કરવામાં આવી છે. તેને કાન છે પણ ઈસુની આજીજીભરી વાણી સાંભળી શકતો નથી. તેને આંખો છે પણ તેના પગ આગળ જેનું તળિયું ન દેખાય તેવું ખુલ્લું નર્ક છે તે તે જોઈ શકતો નથી. તેનાં પાપોમાં ચાલુ રહેવાને માટે હવે તેને શરમ લાગતી નથી. શેતાન તેના હૃદયમાં રાજ કરવાને આવ્યો છે અને તે તેના રાજ્યાસન પર રાજા તરીકે બેઠો છે. કદાચને એ શક્ય હોઈ શકે કે તે બહારથી

Copyright ANCP

સુવ્યવસ્થિત તથા આદરણીય છે તેવી બડાશ તે મારી શકે, ધોયેલી કબર જેવો દેખાવે ધાર્મિક, " પણ માંહે મુડદાંનાં હાડકાંએ તથા હરેક અશુદ્ધપણાએ ભરેલી છે " ( માત્થી ૨૩ : ૨૭ ).

જૂઠનો પિતા સત્યના આત્માની જગા લે છે. પ્રત્યેક પ્રાણી તથા પ્રત્યેક પાપની સાથે એક ખાસ ભૂત તથા અશુદ્ધ આત્મા હોય છે અને તેના હૃદયનો કબજો લે છે. જો કે તેની ઇચ્છા આ ભૂંડા જુલમગારોથી છૂટવાની હોઈ શકે, પણ તેઓ તેને બંધનમાં રાખે છે. " જે કોઈ મૂસાના નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન કરતો તેના પર દયા રાખવામાં આવતી ન હોતી, પણ બે કે ત્રણ સાક્ષી પરથી તેને મોતની શિક્ષા થતી; તો જેણે ઈશ્વરના પુત્રને પગ તળે છૂંદ્યો છે, ને કરારના જે રક્તથી પોતે પવિત્ર થયો હતો તેને અશુદ્ધ ગણ્યું છે, અને કૃપાના આત્માનું અપમાન કર્યું છે, તે કેટલી બધી સખત સજાને પાત્ર ગણાશે, તે વિષે તમે શું ધારો છો ? " ( હેબ્રી. ૧૦ : ૨૮–૨૯ ).

વહાલા મિત્ર, શું આ ચિત્ર તમારા હૃદયની સ્થિતિ સાથે મળતું આવે છે ? તો તમારા હૃદયના ઊંડાણથી ઢીલ કર્યા વગર ઈશ્વરને પોકારો. " તે સંપૂર્ણ તારવાને શક્તિમાન છે," અને જો તમે તેની પાસે પસ્તાવિક આત્માથી આવશો તો તમારાં સઘળાં પાપો માફ કરવાને તે ઇચ્છે છે ને તે શક્તિમાન છે. તે શેતાનને તથા અંધકારના સર્વ સૈન્યને બાંધી શકે છે ને તમારા હૃદયમાંથી બહાર નાખી શકે છે; જો ફક્ત તમે તેને તે કરવા દો તો. પેલો કોઢી જેમ ઈસુ પાસે આવ્યો ને બોલ્યો, " જો તારી ઇચ્છા હોય તો તું મને શુદ્ધ કરી શકે છે " તેમ તમે તેની પાસે આવો ત્યારે. ઈસુએ તેને કહ્યું, "મારી ઇચ્છા છે; તું શુદ્ધ થા" ( માર્ક ૧ : ૪૦, ૪૧ ). પણ જો તમે તમારું હૃદય હઠીલું કરવાનું ચાલુ રાખશો તથા પ્રકાશ કરતાં અંધકાર પર વધારે પ્રેમ રાખશો તો કોઈ આશા કે મદદ નથી; કારણ કે તમે જીવન કરતાં મરણ પસંદ કરો છો. " કારણ કે પાપનો મુસારો મરણ છે " ( રૂમી. ૬ : ૨૩ ).

Copyright ANCP

## ચિત્ર આઠમું : પાપી માનવનું મૃત્યુ

અહીં આપણે મુલતવી રાખનાર કે હઠીલાઈ કરનાર પાપીને મરણ નજદીક આવતો જોઈએ છીએ. કદાચને તેનું શરીર વેદનાથી




ચિત્ર આઠમું : પાપી માનવનું મૃત્યુ

ભરપૂર હોય ને તેનો આત્મા મરણની બીકથી ભરપૂર હોય. મરણ (હાડપિંજર) અણધાર્યા સમયે તથા વણમાગણીએ આવે છે. પાપની દગાખોર મોજમઝાઓ ચાલી ગઈ છે, અને પાપનો મુસારો તેની ભયંકરતામાં તથા સત્યતામાં મોઢેમોઢ આવ્યો છે. નર્કની વેદનાઓ તેના ભોગ બનેલાઓનો કબજો લે છે. કદાચને હવે તે પ્રાર્થના કરવાને ઇચ્છે, પણ જે ઈશ્વરના પ્રેમને ઘણા સમયથી તેણે ઠોકરે મારેલો તેની સાથે સંગતમાં તે આવી શકતો નથી તેનું તેને ભાન થાય છે. તેના પહેલાંના મિત્રો તેના ખાટલા પાસે ઊભા રહેતાં બીહે છે તથા તેમના દિલાસાના શુષ્ક શબ્દો હવે તેને મદદ કરી શકતા નથી. કદાચને અયોગ્ય રીતે મેળવેલી તેની મિલકત તેનું આયુષ્ય લંબાવવામાં કે તેનું તારણ કરવામાં કે તેના જીવની વેદના ઓછી કરવામાં મદદરૂપ નથી. ઈશ્વર સાથે એક ધ્યાન થવું તેને અશક્ય લાગે છે, કારણ કે તેમ કરવાને શેતાન તેને એક પણ તક આપતો નથી.

જે બધાં વાનાંને તે પહેલાં ચાહતો હતો તથા જેમના માટે તે જીવતો હતો, તે જાણે તેની મશ્કરી કરતાં હોય તેમ દેખાય છે. વળી તેનો અવિશ્વાસુ, કદાચને બદલાણ નહિ પામેલો પાળક પણ હવે તેને મદદ કરી શકે તેમ નથી; કારણ કે તેણે ઈશ્વરની કૃપાને પગ તળે છૂંદી છે ને તે નિયમશાસ્ત્રના નાશમાં પતિત થયેલો છે. હવે તે સમજે છે કે, "જીવતા ઈશ્વરના હાથમાં પડવું એ ભયંકર છે" (હેબ્રી. ૧૦ : ૩૧). તે એવી આશા રાખતો હતો કે, કોઈ અનુકૂળ દિવસે, કે તેની મરણ પથારીએ તે ઈશ્વરની સાથે હિસાબ પતાવી લેશે; પણ હવે તે સમજે છે કે, બહુ જ મોડું થઈ ગયું છે. હજારો માણસો તેમની મરણ પથારીએ ઈશ્વરને શોધવાની તક ન મળતાં અચાનક મરણ પામે છે. માટે તે જ્યારે મળે છે ત્યારે તેને શોધવો તે અગત્યનું છે. આ મરતો પાપી જેણે પોતાના આખા જીવન પર્યંત ઈશ્વરની કૃપા તથા પ્રેમનો નકાર કર્યો છે તેણે ઈશ્વરના દિલાસાના તથા તારણના શબ્દો સાંભળવાને બદલે હવે તેને ન્યાયાધીશ તથા તારણહાર જેનો

Copyright ANCR

તેણે નકાર કર્યો છે તેની વાણી એમ કહેતી સાંભળવી પડે છે : "ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારુ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ" (માત્થી ૨૫ : ૪૧). "જેમ માણસોને એક જ વાર મરવાનું, અને ત્યાર પછી તેમનો ન્યાય થાય એવું નિર્માણ થયેલું છે" (હેબ્રી. ૯ : ૨૭).


## ચિત્ર નવમું : વિજયી હૃદય

આ ચિત્ર સહન કરતા તથા અગ્નિરૂપી કસોટીઓમાં અને પરીક્ષણોમાં જય પામતા ખ્રિસ્તી માણસને રજૂ કરે છે. જ્યારે તે બધી બાજુએ પરીક્ષણ પામેલો છે ત્યારે પણ તે દઢ રહે છે તથા અંત સુધી સહન કરે છે, ને ઈસુ ખ્રિસ્ત મારફતે વિશેષ જય પામે છે. તે ફક્ત ખ્રિસ્તી જીવનની શરતમાં પ્રવેશ્યો છે એટલું જ નહિ, પણ તે તેમાં ટકી રહ્યો છે. ધીરજથી તે દોડી રહ્યો છે. જમણી કે ડાબી ગમ ન જોતાં "આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુની તરફ" (હેબ્રી. ૧૨ : ૧, ૨) લક્ષ રાખી રહ્યો છે.

શેતાન પોતાના સૈન્યથી વિશ્વાસીના હૃદયની આસપાસ ઘેરો ઘાલે છે અને ઈશ્વરના બાળકને ભટકાવી દેવા વ્યર્થ પ્રયત્ન કરે છે. ગર્વ, પૈસાનો મોહ, અનીતિમાન આત્મા અને બીજાઓ પણ હાજર છે. હવે ચિત્તાની જગાએ આપણે ગધેડું જોઈએ છીએ; કારણ કે ઘણી વખતે પાપ જુદા જુદા સ્વરૂપમાં આપણી પાસે આવે છે અને બીજા લેબાશ (ઝભ્ભા)માં તથા નામમાં પોતાને સંતાડે છે. પણ જાગૃત ખ્રિસ્તી, જ્યારે પાપ ધાર્મિકતાના ઝભ્ભામાં આવે કે પ્રકાશના દૂતના વેશમાં આવે ત્યારે પણ પકડી પાડે છે; કારણ કે ઈશ્વરનું વચન તથા સત્યનો આત્મા તેને સર્વ સત્યમાં દોરી જાય છે. એક માણસ એક હાથમાં દારૂ ભરેલો પ્યાલો લઈને ખ્રિસ્તી માણસની આસપાસ નાચે છે અને જગતની મઝાથી તેને આકર્ષવાનો પ્રયત્ન કરે છે.

Copyright AMGP

પણ સમર્પિત ખ્રિસ્તી માણસ ઉપર આની જરાયે અસર થતી નથી; કારણ, પાપ સંબંધી તથા જગત સંબંધી તે ખ્રિસ્ત સાથે




વધસ્તંભે જડાયો છે. ચિત્રમાંનો બીજો માણસ ખ્રિસ્તી માણસને ખંજર મારે છે–ઈશ્વરના દુશ્મનો મારફતે ભૂંડું બોલવું, નિંદા કરવી, મશ્કરી

કરવી અને ધમકી આપવી, અને ઘણી વખતે નામધારી ખ્રિસ્તીઓ સાચા વિશ્વાસીઓને સતત ખંજર મારતા જ હોય છે–પણ લોકો જે કહે છે તે માટે તે મરેલો છે ને ઈશ્વર જે કહે છે તેની જ તે કાળજી કરે છે. તે ઈસુના શબ્દોને યાદ રાખે છે: "જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પૂઠે લાગશે, ને મારે લીધે તમારી વિરુદ્ધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ; કેમ કે આકાશમાં તમારો બદલો મોટો છે" (માત્થી ૫ : ૧૧, ૧૨).

પાપ, દેહ (જે "પોતાપણું" છે) તથા શેતાન તેમનાથી બને તેટલું કરીને ખ્રિસ્તી માણસને ઈશ્વરના પ્રેમથી જુદો પાડવાને સતત પ્રયત્ન કરે છે. પણ મહા આનંદ તથા ખાતરીથી ખરેખર કહી શકે કે, "ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે ? શું વિપત્તિ, કે વેદના, કે સતાવણી, કે દુકાળ, કે નગ્નતા, કે જોખમ, કે તરવાર ?" (રૂમી. ૮ : ૩૫). "તોપણ જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે, તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ" (રૂમી. ૮ : ૩૭). ઈશ્વરનાં સર્વ હથિયારો સજવાથી તે ભૂંડા દિવસે દૃઢ ઊભો રહી શકે તેમ છે તથા ઈસુ ખ્રિસ્ત જે બધી કસોટીઓ તથા પરીક્ષણો પર જય પામ્યો તેની મારફતે તે બધાં પરીક્ષણો પર જય પામે છે, કે જેથી તેની મારફતે આપણે જય પામવો જોઈએ અને મહિમાનો મુગટ પ્રાપ્ત કરવો જોઈએ.

તેની પ્રેરકબુદ્ધિનો તારો સ્પષ્ટ તથા પ્રકાશિત છે. તેનું હૃદય વિશ્વાસથી તથા પવિત્ર આત્માથી ભરપૂર છે. જેઓ જય પામે છે તથા અંત સુધી ટકી રહે છે તેમને જે મૂલ્યવાન વચનો આપ્યાં છે તે દૂત, ઈશ્વરનાં વચનો તેને યાદ દેવડાવે છે. "જે જીતે છે તેને ઈશ્વરના પારાદેસમાંના જીવનના ઝાડ પરનું [ફળ] હું ખાવાને આપીશ." "જે જીતે છે તેને બીજા મરણનું દુ:ખ ભોગવવું પડશે નહિ." "જે જીતે છે તેને હું ગુપ્ત રાખેલા માનામાંથી આપીશ. વળી હું

Copyright ANGP

તેને શ્વેત પથ્થર આપીશ, તે પથ્થર પર એક નવું નામ લખેલું છે." "જે જીતે છે અને અંત સુધી મારાં કામ ઝાલી રાખે છે, તેને હું... અધિકાર આપીશ." "જે જીતે છે તેને એ જ પ્રમાણે ઊજળાં વસ્ત્ર પહેરાવવામાં આવશે; અને જીવનના પુસ્તકમાંથી તેનું નામ હું ભૂંસી નાખીશ નહિ, પણ મારા પિતાની આગળ તથા તેના દૂતોની આગળ હું તેનું નામ કબૂલ કરીશ." "જે જીતે છે તેને હું મારા ઈશ્વરના મંદિરમાં સ્તંભ કરીશ, ને તે ફરી ત્યાંથી બહાર જશે નહિ." "જે જીતે છે તેને હું મારા રાજ્યાસન પર મારી સાથે બેસવા દઈશ, જેમ હું પણ જીતીને મારા બાપની સાથે તેના રાજ્યાસન પર બેઠેલો છું તેમ" (પ્રકટી. ૨ : ૭, ૧૧, ૧૭, ૨૬; ૩ : ૫, ૧૨, ૨૧).

નાણાંની ખુલ્લી કોથળી એ બતાવે છે કે, તેનું હૃદય જ નહિ પણ તેનાં નાણાં પણ ઈશ્વરને સમર્પિત છે. જગતનાં વાનાંનો દુરુપયોગ કરવાને બદલે તે ગરીબોને મદદ કરે છે, તેનો દશાંશ આપે છે (તેની આવકનો દશમો ભાગ), તથા દાનાર્પણો અથવા તેનું જે કાંઈ છે તે સર્વ ઈશ્વરને આપે છે, ઈશ્વરના મહિમાને અર્થે ઉપયોગ કરે છે.

રોટલી તથા માછલી બતાવે છે કે, તે શુદ્ધ તથા મિતાહાર જીવન ગુજારે છે. તે માદક પીણાંથી કે રક્ત ખાઈને કે ગુંગળાઈને મરેલાથી, કે બીજા કોઈ અશુદ્ધ ખોરાકથી પોતાને વટાળતો નથી. તે પોતાનાં નાણાં વેડફી નાખતો નથી કે તે પોતાના શરીરને (જે ઈશ્વરનું મંદિર છે) તમાકુ ખાઈને કે બીડી પીને કે બીજી કોઈ રીતે પણ તેને અશુદ્ધ કરતો નથી. વળી તે નુકસાનકારક પીણાં કે દવાઓનો ઉપયોગ કરતો નથી, પણ ગુણકારી, સ્વચ્છ તથા પૌષ્ટિક ખોરાક ખાય છે. તેનું પોતાનું હૃદય પ્રાર્થનાનું ઘર બન્યું છે. દરેક ઋતુમાં તથા દરેક સ્થિતિમાં તે નિયમિત તથા આદરપૂર્વક દેવળની ભક્તિસભામાં જાય છે. પ્રાર્થનાના ઘરમાં હોય, કે પોતાના કુટુંબમાં હોય, કે તેના ખાનગી ઓરડામાં હોય, પણ તે પ્રાર્થનાને ચાહે છે; કારણ કે તે જાણે છે કે પ્રાર્થનામાં ઈશ્વરની સાથેની સંગત વગર ખ્રિસ્તી માણસ રહી શકતો નથી.

Copyright ANGP

ખુલ્લું પુસ્તક બતાવે છે કે, બાઇબલ તેને માટે ખુલ્લું પુસ્તક છે અને તે દરરોજ તેને વાંચે છે તથા તેનો અભ્યાસ કરે છે અને ડહાપણ તથા સામર્થ્ય, જીવન તથા પ્રકાશ અને વળી અકથનીય ધન તેમાંથી શોધી કાઢે છે. તે તેના પગોને સારુ દીવો તથા તરવાર કે જેના વડે તે તેના દુશ્મનો પર વિજય મેળવે છે તે બન્યું છે. તે તેના આત્મા માટેની દૈનિક આત્મિક રોટલી, તેની તરસ છીપાવવા માટે પાણી, તેને શુદ્ધ કરવાને માટે સ્નાનાગાર તથા જેમાં તે પોતાને જોઈ શકે તેવું દર્પણ છે.

તેને વધસ્તંભ ઊંચકવો ગમે છે, કારણ કે તે જાણે છે કે વધસ્તંભ વગર મુગટ નથી. તે જાણે છે કે, નવા જીવનને માટે તે ખ્રિસ્તની સાથે ઉત્થાન પામ્યો છે. તેથી તે ઉપરનાં વાનાં, અનંતકાળિક વાનાં તથા જે વાનાં અદૃશ્ય છે તેને શોધે છે. તે ઈશ્વરને મળવાને તૈયાર છે તથા તે પાણી પાસે રોપાયેલા ઝાડના જેવો છે જે ઋતુ પ્રમાણે ફળ આપે છે. સાચા દ્રાક્ષાવેલાની ડાળી સમાન જે ઘણાં ફળ આપે છે. તે મરણની બીક જાણતો નથી, કારણ કે ઈશ્વરનો સંપૂર્ણ પ્રેમ, જે તેણે પવિત્ર આત્મા મારફતે મેળવ્યો છે તેણે તેના હૃદયને ભરી દીધું છે.

Copyright ANGP

## ચિત્ર દશમું : મહિમાવંત સ્વધામ પ્રયાણ

ઈસુએ કહ્યું કે, "પુનરુત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે; અને જે કોઈ જીવે છે, અને મારા પર વિશ્વાસ રાખે છે, તે કદી મરશે નહિ જ" (યોહાન ૧૧ : ૨૫, ૨૬). "જે મારાં વચન સાંભળે છે, અને મને મોકલનાર પર વિશ્વાસ કરે છે, તેને અનંતજીવન છે; તે અપરાધી નહિ કરશે, પણ મરણમાંથી નીકળીને જીવનમાં આવ્યો છે" (યોહાન ૫ : ૨૪). ખ્રિસ્તી માણસ માટે મરણ, બીક કે વેદનાનો સમાવેશ કરતું નથી. "મરણ જયમાં ગરક થઈ ગયું છે...અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં?...પણ ઈશ્વર જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને જય આપે છે, તેને ધન્યવાદ હો" (૧ કોરીંથી. ૧૫ : ૫૪–૫૭).

જે માણસ ઈશ્વરની સાથે જીવ્યો તથા ચાલ્યો છે તે મરણથી બીતો નથી. જ્યારે તેની વિદાયનો સમય આવે છે ત્યારે તે ખુશાથી જશે; જેમ પાઊલ કહે છે, " દેહમાંથી નીકળવાની તથા ખ્રિસ્તની સાથે




ચિત્ર દશમું : મહિમાવંત સ્વધામ પ્રયાણ

રહેવાની મારી ઇચ્છા છે, કેમ કે તે ઘણે દરજ્જે વધારે સારું છે" (ફિલિપી ૧ : ૨૩).

ખ્રિસ્તી માણસ ઈસુનું મુખ જોવાની ઇચ્છા રાખે છે જે તેના માટે મરણ પામ્યો તથા વધસ્તંભ પર તેનો ઉદ્ધાર કર્યો. પવિત્ર આત્મા પણ તેને ઈસુના શબ્દો યાદ દેવડાવે છે, "તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો; તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે...હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો" (યોહાન ૧૪ : ૧–૪). "જે વાનાં આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યાં નથી, જેઓ માણસના મનમાં પેઠાં નથી, જે વાનાં ઈશ્વરે પોતાના પર પ્રેમ કરનારાઓને સારુ સિદ્ધ કર્યાં છે" (૧ કોરીંથી : ૨–૯). આ પૃથ્વી પર એવી કોઈ બંધબેસતી (યોગ્ય) ભાષા નથી કે જે વડે, જેઓ આ પૃથ્વી પર આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પગલે ચાલે છે તેમના માટે જે જગા તૈયાર કરી છે તે સ્વર્ગીય મહિમાનું વર્ણન કરી શકાય.

આ છેલ્લા ચિત્રમાં ભયભીત હાડપીંજર (મરણ)ને બદલે દૂત કે ઈશ્વરનો સંદેશીઓ દેખાય છે. તે ન્યાયી ઠરાવાયેલા આત્માને ઈશ્વર પાસે પાછો લઈ જવાને રાહ જુએ છે. જીવ તથા આત્માને મરણાધીન શરીરના બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યાં છે, અને સ્વર્ગીય ખુલ્લા દરવાજાઓ મારફતે તેની ગોદમાં ઊંચકી લેવાયો જેના પર તેણે આ પૃથ્વી પર પ્રેમ રાખ્યો, તેને માટે જીવ્યો ને મરણ પામ્યો. ખુશીની કુશળતા તેના માટે ઈશ્વરની હાજરીમાં રાહ જુએ છે જ્યાં તેનો પ્રભુ અને ગુરુ તેને "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું તારા પ્રભુના આનંદમાં પેસ" (માત્થી ૨૫ : ૨૧). હવે શેતાનનો તેની ઉપર કાંઈ અધિકાર નથી, કારણ કે, "યહોવાની દૃષ્ટિમાં તેના ભક્તોનું મરણ કિંમતી છે" (ગી. શા. ૧૧૬ : ૧૫). "પછી મેં આકાશમાંથી એક વાણી એમ બોલતી સાંભળી કે, તું એમ લખ કે, હવે પછી જે મરનારાંઓ પ્રભુમાં મરણ પામે છે, તેઓને ધન્ય છે; આત્મા કહે છે, હા, કે તેઓ પોતાની મહેનતથી વિશ્રાંતિ લે; કેમ કે તેઓનાં કામ તેઓની સાથે આવે છે" (પ્રકટી. ૧૪ : ૧૩).

Copyright ANCP

# છેવટની ચેતવણી

વહાલા વાંચક, જે તમારા પર પ્રેમ રાખે છે તે ઈશ્વર તમારી સહાય કરો કે, તમે તમારું હૃદય તેને સોંપો; કારણ કે હાલ તે તમને આગ્રહ કરી રહ્યો છે કે, "મારા દીકરા (મારી દીકરી), તારું અંતઃકરણ મને સોંપી દે" (નીતિ. ૨૩:૨૬). ઈસુને તમારું થાકેલું, નિરાશ થયેલું તથા દુઃખિત હૃદય આપી દો ને તે તમને નવું હૃદય તથા નવો આત્મા આપશે. તમારા પોતાના દગાબાજ હૃદયથી તેની ઇચ્છાઓ પ્રમાણે ચાલવાને છેતરાતા ના; કારણ કે, "જે માણસ પોતાના હૃદય પર ભરોસો રાખે છે તે મૂર્ખ છે; પણ જે કોઈ ડહાપણથી વર્તે છે તેનો બચાવ થશે" (નીતિ. ૨૮:૨૬). તમારાં પાપોને તજી દો અને ન્યાયીપણાને વળગી રહો; "કેમ કે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે" (રૂમી. ૬:૨૩).

પણ તમે જેઓએ તમારું જીવન ઈશ્વરને સોંપેલું છે, તેઓ "જે સત્ય વચનો તેં મારી પાસેથી સાંભળ્યાં તેનું ખરું સ્વરૂપ ખ્રિસ્ત ઈસુ પરના વિશ્વાસ તથા પ્રેમમાં પકડી રાખ" (૨ તીમોથી ૧:૧૩) કારણ કે તે જ કારણને લીધે પાળેલે ૨ તીમોથી ૧:૧૨માં કહ્યું છે: "જેના પર મેં વિશ્વાસ કર્યો તેને હું ઓળખું છું, અને મને ભરોસો છે કે, તેને સોંપેલી મારી અનામત તે દહાડા સુધી સાચવી રાખવાને તે શક્તિમાન છે." તમને પોતાને અતિ ઉચ્ચ પવિત્ર વિશ્વાસમાં બાંધો, પવિત્ર આત્મામાં પ્રાર્થના કરો, ઈશ્વરના પ્રેમમાં પોતાને રાખો, અને ઈસુ જે માર્ગ, સત્ય તથા જીવન છે, જે આપણો પ્રભુ છે, જે પોતાનાંને બહુ વહેલાં લેવાને આવવાનો છે, જે રાજાઓનો રાજા તથા પ્રભુઓનો પ્રભુ છે તેના તરફ લક્ષ રાખો.

હવે જે તમને ઠોકર ખાતાં બચાવવા, અને પોતાના ગૌરવની સમક્ષ તમને પરમાનંદ સહિત નિર્દોષ રજૂ કરવા સમર્થ છે,એટલે આપણો તારનાર જે એકલો ઈશ્વર, તેને ગૌરવ, મહત્ત્વ, પરાક્રમ તથા અધિકાર અનાદિકાળથી, હમણાં, તથા સર્વકાળ હોજો. આમેન. (યહુદા ૨૪,૨૫).

Copyright ANGP

**A SPECIAL WORD FROM ANGP**

**UN MONDE SPÉCIAL DE L'ANGP**

**UMA PALAVRA ESPECIAL DA ANGP**

**This booklet "The Heart of Man" is available in over 538 languages and dialects spoken throughout the world (Africa, Asia, The Far East, South America, Europe, etc.) Our Heart Book is now also available on cell phones, tablets, etc from www.angp-hb.co.za or as an APP "Heart of Man" on Android phones.**

**Le livre du "Coeur de l'homme" peut etre obtenu en plus de 538 langues et dialectes parles dans le monde entier, a savoir: Afrique, Amerique, Asie, Extreme Orient, Europe. Notre Livre du Coeur est maintenant aussi disponible sur votre Telephone cellular, plaques, etc. de www.angp-hb.co.za ou comme une Application "Heart of Man" sur telephones Android.**

**Este livro "O Coracao do Homem" e obtfdo em mais de 538 linguas e dialectos falados em todo o mundo, a saber: (Africa, Asia, America do Sul, Extremo Oriente, Europa, etc). O nosso Livro O Coração do Homem tambem esta agora disponivel em telefone celular, tablets, etc. de www.angp-hb.co.za ou como um aplicativo "Heart of Man" nos telephones celulares Android.**

Copyright ANGP

**The 10 heart pictures contained in this booklet are also available in the form of large coloured picture charts (86 x 61cm) bound together in a set of 10 pictures. These "Heart Charts" can be obtained with European or African features and are particularly suitable to be used in conjunction with the Heart Book for class-teaching, open air evangelization etc. Kindly contact us to ascertain the latest subsidized price of this chart.**

**Les 10 images du coeur qui figurent dans ce livre peuvent etre obtenues en tableaux de couleur, format 86 x 61 cm, avec des physionomies europeennes ou africaines. Ils peuvent etre utilises en meme temps que le livre du coeur pour des classes bibliques, a**

l'ecole du dimanche ou lors de reunions de plein air. Soyez aimable de nous contacter pour assurer les derniers prix en cours du tableau.

As 10 imagens do coracao, contidas neste livro podem ser obtidas num conjunto de 10 imagens em colorido no tamanho de (86 x 61 cm). Estes "Cartazes do Coracao podem ser obtfdos com caracterfsticas Europeias e Africanas e podem ser usados em conjuncao com o mesmo livro em classes de ensino biblico, evangelizacao ou ao ar livre. Agradeciamos que nos contacta- se para confirmacao do ultimo preco dos cartazes.



Copyright ANGP

Kindly write to us if you are able to assist us with further translations of our free Gospel literature, informing us of the language into which you could translate this Gospel literature. Your assistance would be appreciated.

If you have found salvation in Christ, or have been otherwise blessed through our Gospel literature, please let us know. We would like to thank God with you, and remember you further in our prayers.

Nous vous invitons a nous contacter pour faire des arrangements concernant de nouvelles traductions de notre litterature, nous informant de la langue dans laquelle vous pouvez traduire cette litterature evangelique. Votre aide sera beaucoup appreciee.

Si vous avez trouve le salut en Christ ou si vous avez ete beni par notre litterature, nous vous prions de nous le faire savoir. Nous aimerions remercier Dieu avec vous et prier pour vous.

Nos vos convidamos a nos contactar, afim de fazer qualquer arranjo concernente a novas traducoes de nossa literatura em outras Ifnguas. Vossa assistencia sera muito apreciavel.

Se tem encontrado a salvacao em Cristo, ou se tem sido abencoado por intermedio da nossa literatura evangelica, faca o favor de nos

informar. Pois nos gostarfamos de agradecer a Deus juntamente convosco, e lembra-lo sempre em nossas oracoes.

For free Gospel literature, books and tracts in over 538 languages, write to:

Pour obtenir gratuitement de la litterature evangelique, des livres et des traites en plus de 538 langues, ecrivez a:

Para obter gratuftamente a literatura evangelica, livros e folhetos em mais de 538 lfnguas diferentes escreva para:


E-MAIL: info@angp-hb.co.za
info@angp.co.za

**ALL NATIONS GOSPEL PUBLISHERS**
**P.O. Box 2191**
**PRETORIA**
**0001**
**R.S.A.**


Copyright ANGP

A Gospel Literature Mission financed by donations
Une Mission de litterature evangelique financee de dons
Missao de literatura Evanqelica financiada por donativos

(Reg. No. 1961/001798/08)